ભારતિ ભૂષણરૂપ બ્હેનોને માટે.

સુંદરી સૌન્દર્ય.

ભાગ ૧ લો.

કહે નેપોલિયન દેશને, કરવા આબાદાન:
સરસ રીતિ એજ છે, ઘો માતાને જ્ઞાન.

યોજક અને પ્રકાશક.
દોશી ચત્રભુજ વિ. તારાચંદ
મહુવાકર.

સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસ
પાંચકુવા નવાદરવાજા—અમદાવાદ.

સંવત. ૧૯૬૩ સને ૧૯૦૭

કીંમત—પાંચ આના.

બે બોલ.

ભારતિ ભૂષણરૂપ બ્હેનો તથા બંધુઓ.

આ લઘુ પુસ્તક આપના હસ્ત કમળમાં અર્પણ કરતાં મારે જે કાંઇ તેની આવશકયતા સંબંધે બોલવાનું છે તે કહું છું.

આ અનાદિ સંસારમાં મુખ્ય બે વર્ગ છે એક સ્ત્રી વર્ગ અને બીજો પુરૂષ વર્ગ. વનસ્પતિમાં, પશુમાં, પક્ષીમાં, મનુષ્યમાં, જ્યાં જોશો ત્યાં આ બે વર્ગજ નજરે પડશે. વળી સ્વભાવિક એવો નિયમ છે કે પુરૂષ વર્ગ કરતાં સ્ત્રી વર્ગ વધારે વહેલો પરિપૂર્ણ અવસ્થામાં આવે છે. વનસ્પતિમાં તથા પશુ પક્ષીમાં પણ આ નિયમ દૃષ્ટિગોચર થાય છે મનુષ્ય વર્ગમાં પણ સ્ત્રીના બાહ્ય અંગો વધારે વહેલા પૂર્ણ દશાને પ્રાપ્ત કરે છે. બાહ્ય અંગને માટે જે નજરે આવે છે તે અંતરના અંગ એટલે બુદ્ધિ તથા હૃદયને પણ લાગુ પડે છે તાત્પર્ય એ કે સ્ત્રીઓનું મન તેમની બુદ્ધિ તથા હૃદય પુરૂષોના કરતાં વધારે પહેલાં પરિપકવ થાય છે.

પદાર્થ મૂળે ગમે તેટલો સારો હોય છે તો પણ તે યોગ્ય રીતે કેળવાએલો હોતો નથી તો તે સારો લાગતો નથી હીરો ખાણમાંથી નિકળે છે. ત્યારે કોયલા જેવો કાળો

હોય છે તેને જ્યારે કેળવી ઓપદઇ પેહેલ પાડે છે ત્યારે જ તે સુંદર અને તેજસ્વી થાય છે અને રાજાના મુગટમાં જડાય છે. સોનું જાતે તેજસ્વી છે. પણ ખાણમાં હોય છે ત્યાં સુધી તે આંખને પ્રિય લાગતું નથી જેમ જેમ તે સંસ્કાર પામતું જાય છે તેમ તેમ તે વધારે તેજસ્વી થતું જાય છે. અને આંખને પ્રિય લાગે છે. રસોઇમાં પણ જો યોગ્ય રીતે મસાલો નાંખી તેને કેળવી ન હોયતો તે આપણને રૂચતી નથી. ઘોડો ગમે તેટલો પાણીદાર હોય પણ તેને બરાબર ચાલ ચાલતાં શીખવી ન હોય તો તેની કીંમત મન માનતી ઉપજતી નથી. વનસ્પતિમાં પણ ઝાડને યોગ્ય બરદાસ્ત લઈ ઉછેર્યા હોય તો તે ઘણા સુંદર દેખાય છે એમને એમ ઉગવા દીધા હોય, તેમની સંભાળ લીધી ન હોય તો તે અરૂચીકર તથા જંગલી અવસ્થામાં રહે છે આ દૃષ્ટાંતો ઉપરથી એમ સ્પષ્ટ માલૂમ પડે છે કે કેળવણી વિના કોઈ પણ પદાર્થ સારી તથા યોગ્યાવસ્થામાં આવી શકતો નથી. મનુષ્યની બુદ્ધિ, મન, તથા હૃદયને માટે પણ આજ નિયમ છે કેળવણી વિના એ કદિ દીપેજ નહિ તથા જેને માટે આપણે મહેનત કરીએ છીએ તે ફળીભૂત થાય નહિ.

સ્ત્રી કેળવણી વિષય એટલો બધો ચર્ચાય છે એ વિષે એટલા બધા નિબંધો રચાયા છે એના ઉપર એટલા બધાં

વ્યાખ્યાનો અપાય છે આ સ્થળે એ વિષે જે કાંઇ કહેવામાં આવે તે ઘણું કરીને પુનરૂક્તિજ થાય. એ વિષયગહન તથા વિશાળ છે અને તે પ્રમાણમાં એના ઉપર વિવેચન અનેક પ્રકારે અનેક ઠેકાણે થયું છે એ બાબત ઉપર વિ-સ્તારથી લખવાનું અથવા એ વિષયને કોઈ બીજા રૂપમાં જન સમૂહમાં મૂકવાનું કામ મારાથી વિશેષ શક્તિવાળા તથા બુદ્ધિમાન વિદ્વાનને સોંપું છું મારો વિચાર માત્ર આ સ્થળે કેટલીક સાધારણ વાતો કહેવાનો છે સ્ત્રી કેળવણીની આવશ્યકતાનું એક સર્વથી મજબૂત કારણ આજ લગણમાં મારાજાણ્યા મેળે, જેટલી સબળતાથી આગળ પાડવું યોગ્ય છે. તેટલી સબળતાથી બહાર પડયું જણાતું નથી. વિદ્યા પ્રાપ્ત કરવી તે કાંઈ અર્થ કમાવાને માટે નથી વિદ્યા જાતેજ સર્વથી મોટું ધન છે વિદ્યા મેળવ્યાથી જે અનંત ફાયદાઓ થાય છે તે અવર્ણનીય છે પુરૂષ વર્ગ કરતાં સ્ત્રી વર્ગને કેળવણી આપવાની વિશેષ જરૂર છે કારણ બાળકોની કેળવણી સ્ત્રીઓનાં હાથમાં છે છોકરૂં જન્મે છે ત્યારથી તે મોટું સમજણું થાય છે ત્યાં સૂધી તે ઘણો ખરો વખત પોતાની માતા પાસે રહે છે જેવી માતાની બુદ્ધિ આચરણ, જ્ઞાન, આચાર વિચાર, તેવાંજ તે છોકરાંના પણ થાય છે વૈદ્યકીય શાસ્ત્ર પ્રમાણે એવું સિદ્ધ થએલું છે કે છોકરામાં માનો અંશ વધારે હોય છે ત્યારે જો માની બુદ્ધિ હૃદય કેળવાએલા હોય તો છોકરૂં

પણ અલબત સારૂં બુદ્ધિમાન નીવડે સ્ત્રી કેળવણીની આવશકયતા વિશે ઝાઝું લખવાની કાંઇ જરૂર નથી, એથી ફાયદા થતા નથી, તેની અગત્યતા નથી, એની કાંઇ જરૂર નથી, વગેરે બોલનારાઓની સંખ્યા દેશને સુભાગ્યે ઘણી ઓછી થઇ ગઇ છે સઘળા લોકો એની આવશયક્તા માન્ય કરે છે એમ કહિએતો કાંઇ અતિશયોકિત કરી કહેવાય નહિ.

આ ઉપર કહ્યું તે ઉપરથી તથા કેળવણીના મૂખ્ય ઉદ્દેશ ઉપરથી એવું સ્પષ્ટ માલુમ પડે છે કે સ્ત્રીઓને એવી જાતની કેળવણી આપવી જોઇએ કે જેથી આગળની સતિ સ્ત્રીઓના ચરિત્ર તરફ દૃષ્ટિ આપી પોતાનું ચારિત્ર તે પ્રમાણે કરવા પ્રયત્ન કરે તથા તે ગુણો પૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરે તથા સંસારને સુખપ્રદ કરવાનાં સાધન થાય. ધર્મશાસ્ત્ર તથા નીતિશાસ્ત્રનો બોધ તથા અભ્યાસ આ શુભ કાર્ય પાર પાડવાનું સર્વથી મુખ્ય સાધન છે.

આ પુસ્તકમાં ઉપર જે સહજ થોડી ટીકાઓ કરી છે તેમનેજ ઉદ્દેશીને મુખ્ય ભાગે લખાણ થયેલું છે. એટલે એ વિશે વિસ્તાર કરવાનું કાંઇ પ્રયોજન નથી આ પુસ્તક વાંચી પુર્ણ રીતે સમજી તે પ્રમાણે આચરણ થવા તરફ જો થોડો ઘણો પ્રયત્ન થશે તો મારો શ્રમ ઘણે દરજ્જે ફળીભૂત થયો હું માનીશ.

હવે પ્રસ્તાવના પુરી કરતાં મારે સૂચનારૂપે જે કાંઇ કહેવાનું છે કે કહું છું.

આ પુસ્તક બહાર પાડવાને ઘણીજ ઢીલ થઈ છે તેથી ગ્રાહકવર્ગ ગુસ્સે થયા હોયતો તે સાહેબ માફી આપશે. આ પુસ્તક છપાવવામાં તન મન અને ધનની મદદ આપનાર મહુવા નિવાસી મરહુમ દોશી રતનજી જુઠાના લઘુ સુપુત્ર અને મારા પરમપ્રિય મિત્ર મી. તલકચંદજી રતનજીનો આ ઠેકાણે વિશેષ આભાર પ્રદર્શિત કરૂં છું અને આશા છે કે આવા બીજા અનેક કેળવણીના કાર્યમાં સ્હાયભૂત થશે બાદ કેટલાક મારા મીત્રો એ આગળથી ગ્રાહક તરીકે નામ ભરી મારો ઉત્સાહ તેમજ પ્રેમ વધાર્યો છે તેથી તેઓ સાહેબનો પણ આભારી થયો છું અમારો વિચાર પહેલાં એક લઘુ પુસ્તક ભેટ આપવાનું હતું પરંતુ તે કેટલાંક અનિવાર્ય કામનાં પ્રસંગે બની શક્યું નથી તેથી પુસ્તકની કીમત ઘટાડી છે માટે ગ્રાહકો માફી આપશે જો કે અમારો આ પ્રથમ પ્રયાસ છે તેથી કરી અંદર જે કાંઈ ભૂલ તેમજ શાસ્ત્ર વિરૂદ્ધ લખાણ થયું હોય તો વિદ્વાનો સુધારીને વાંચશો એવી આશા છે.

લી કર્તા.

સુંદરી સૌન્દર્ય.

સુંદરી પ્રત્યે સદુપદેશ.

દોહરો.

પ્રભુ તુલ્ય પતિને ગણે, સેવા કરશે સાર;
સાધવી જે શુભ સ્નેહથી, તે પામે ભવપાર.

(૧) સુશીલ બ્હેનો! સદા વડીલોની અદબ રાખી; ઘરમાં બધાની સાથે સંપ રાખી ચાલો કે જેથી તમારા માત પીતાની આબરૂ વધે.

(૨) સાસરામાં સાસુ સસરા તેમજ પતિની આજ્ઞાનુસાર ચાલી સદા તેમને પ્રસન્ન રાખો.

(૩) જેઠ, જેઠાણી, દેર દેરાણી, નણંદ ઇત્યાદિ સાથે કોઇ વખત લડવું નહિ પરન્તુ સંપ રાખીને ચાલવું.

(૪) તેઓના બાળકો સાથે સદા પ્યાર રાખો તેમ તે દુઃખ પણ દે પરન્તુ પોતાની ધર્મ નિતી છોડવી નહિ. અને મા બાપના બોલાવ્યા વિના તેમજ પતિની આજ્ઞા વિના કોઇ દિવસ પોતાને પિયર જવું નહિ.

(૫) સાસરામાં પોતાની સાસુને માતા સમજીને તેનું બધું કાર્ય કરવું તેમજ તેની આજ્ઞા માનવી કારણકે

સાસરામાં પોતાનું હિત ચાહવાવાળું સાસુ વિના બીજું કોઈ નથી. તે જે પ્રમાણે પુત્રને પ્યારથી રાખે છે તે પ્રમાણેજ પુત્રવધુને રાખે છે અને માતા જેવી રીતે તમને ગુણ શીખવાડવામાં તાડના કરે છે તેવીજ રીતે સાસુપણ તમારા હિતને માટે સમજાવે છે તેમજ ધમકાવે છે. માતા જેવી રીતે તમને રોગાવસ્થામાં દેખીને દુઃખી થાય છે અને યત્નથી ઔષધ કરે છે તેવી રીતે સાસુપણ વહુની રક્ષા કરે છે. તેથી સાસુને સદા માતાતુલ્ય માની તેની આજ્ઞામાં આરૂઢ રહો.

(૬) જે સ્ત્રીઓને સાસુ સાથે નથી બનતું તે અવશ્ય વઢકણી હોવી જોઈએ માટે તેમ ન કરવું કારણ કે તેથી વિશેષ અવગુણ થાય છે.

(૭) પોતાના પતિને પસંદ પડે એવું પોતાનું આચરણ રાખવું જોઈએ તેના મતથી જે વિરૂદ્ધ હોય તે કદી કરવું નહિ તેની આગળ ઉંચે સ્વરે કદી બોલવું નહિ. કોઈ પણ વખતે તેને તુચ્છકારી કહાડવો નહિ. ધર્મથી અવિરૂદ્ધ એવું જે કામ તે સોંપે તેપણ ઘણો શ્રમ લઈને કરવું. તે જે વખતે જે કામ કરવાનું કહે તે યાદ રાખી. વખત નચુકતાં તેજ વખતે કરવું તે જે કામ કરવાનું કહે તે પોતાથી બનતું નથી અથવા તે કરવાને કંટાળો આવે છે એમ ઉદ્ધતાઈથી બોલી બતાવવું નહિ. જો છેકજ પોતાથી

બને નહિ એવું હોય તો તેને બે વાત કહી મધુર વચને તથા ઘણી નમ્રતાઈથી કારણ બતાવી પોતાથી તે થઇ શકતું નથી તેમ કહેવું જૂઠું કદાપિ બોલવું નહિ.

(૮) પતિપાસે બીજા માણસની નકામી નીંદા કરવી નહિ અથવા ખોડ ખાપણ કાઢવી નહિ. નિરર્થક ગુસ્સે થઇ મોઢામાં આવે તેમ કદિ બોલવું નહિ કદિ તેનો વિશ્વાસઘાત કરવો નહિ. તેના કોઈ પણ સારા કામમાં આડાં આવવું નહિ. તેનું મન દુભાય તેવું એકે કાર્ય કરવું નહિ પોતાની કોઇ વાતમાં ભૂલ થઈ હોય તો તે કબૂલ કરી તેની ક્ષમા માંગવી તેની ભૂલ થાયતો ગુસ્સે ન થતાં તેને સમજાવીને કહેવું પોતાથી બને તેટલી તેની ઘણી પ્રીતથી સેવા કરવી.

(૯) તમો શરીર ઉપર ઘરેણાં ઘાલી તથા સારાં સારાં વસ્ત્ર પહેરી પોતાના પતિને મોહિત કરવાનો પ્રયત્ન કદી કરતાં નહિ તમારા ગુણ સારા હશે તોજ તે ગુણ તરફ આકર્ષાઇ પોતાનું મન તમારા તરફ ખેંચશે અને તમો સદગુણથીજ પતિને વશ કરવાનો પ્રયત્ન કરી તમો કોઈ પણ કારણસર પતિને ઠગતાં નહિ આ જગતમાં પતિ જેવો મિત્ર સ્ત્રીઓને કોઈ પણ નથી. તે ગુરૂના જેવો સત્માર્ગ બતાવનાર પિતાના જેવો હિત કરનાર માતાની જેવો મમતા રાખનાર તથા વિશ્વાસને લાયક દેવપ્રમાણે પુજ્ય

તથા પોતાના પ્રાણ સરખા પ્રિય. અદ્વિતિય મિત્રની સાથે તમે ઠગાઈ કરશો તો સંસારમાં એવું બીજું છે કે જેની સાથે તમો નિષ્કપટપણે વર્તી સુખી થશો.

(૧૦) રાત્રીએ કોઇને ઘરે ન જાવું તેમજ નગ્ન થઇને કદી ન્હાવું નહિ મર્યાદા યુક્ત ધીમી ધીમી ચાલથી ચાલવું જલદી અથવા ચટક મટક કદી ચાલવું નહિ કારણ કે તેથી મર્યાદાનો નાશ થાય છે અને તેથી બધા નિન્દા કરે છે.

(૧૧) દયા ક્ષમા સત્ય પરોપકાર સભ્યતા વિવેક વિનય ધૈર્ય ઉત્સાહ ઈત્યાદિ સારા સારા ગુણોને સદા ધારણ કરો.

(૧૨) બુરા સ્વભાવની નીચકુલની નીચબુદ્ધિની નીચજાતિની તથા નીચ કાર્ય કરવાવાળી સ્ત્રીઓની સોબત કદી કરવી નહિ.

(૧૩) વેશ્યા ગાવાવાળી વેરાગિની જે ગૃહસ્થાશ્રમમાં ન હોય તે જાદુ મંતર કરવાવાળી વિગેરેથી દુર રહેવું.

(૧૪) કોઇ છાની વાત કરતું હોય તો તેની પછ-વાડે સંતાઈ જઈ તે સાંભળવું નહિ તેમજ કોઇ પણ કાર્ય શીઘ્રતાથી કરવું નહિ કોઇને ઘરે જરૂરનું કાર્ય હોય તો પણ એકલું ન જવું અને પાછું જે કામ હોય તે જલદી કરી આવતા રહેવું.

(૧૫) પતિ પાસે હોય તો સૌભાગ્યની વસ્તુ સદા

ધારણ કરવી સ્વચ્છ વસ્ત્ર પહેરવાં તથા આભૂષણ ધારણ કરવા અને જો પતિ પરદેશ હોય તો આભૂષણ ઇત્યાદિ વિશેષ ધારણ નહિ કરતાં સાધારણ સૌભાગ્ય સચવાય તેટલી વસ્તુ ધારણ કરવી અને હમેશાં પતિનું ધ્યાન કરવું અને તેનું કાર્ય શુભ થાય તેવા પ્રયત્ન કર્યા કરવા.

(૧૬) જે સ્ત્રીઓ પોતાના પતિ પાસે ઠગાઈ કરે છે તેમનાથી કોઇ પણ ખરાબ કામ અસાધ્ય છે એવું મને લાગતું નથી માટે તમો સઘળાં પોત પોતાના પતિની સાથે મોકળે મને વર્તજો બીજાની મહેરબાની મેળવવા સારૂં પોતાના પતિને નગમતું હોય તેવું કામ અગર તે ઘણું લાભ કારક હોય તો પણ તમારે કદિ કરવું નહિ તમને તેણે જે ખાનગી વાત કીધી હોય તે તમો બીજાને કદી કહેતાં નહિ એકાંતમાં તમારો પતિ તમને કાંઈ કડવાં વચનો કહે તો તમારે તેની બીજા લોકો આગળ ચાડી ખાવી નહિ આવી રીતે તમારૂં પોતાનું આચરણ સારૂં હશે તો પરસ્પર વિરોધ થવાનો સંભવ ઘણો થોડોજ રહેશે.

(૧૭) બીજું એકે કેટલીક સ્ત્રીઓ પોતાના પતિ પાસે લોકોની (સાસુની સસરાની નણંદની દીયરની પાડોશી વિગેરેની) જુઠી જુઠી ચાડી ખાઇ તેમના ઉપરનો પોતાના પતિનો પ્રેમ પોતા તરફ વાળવાનો પ્રયત્ન કરતી જણાય છે તેવું તમે કદી કરતાં નહિ જે માણસ નિંદા કરે છે

તેના ઉપર કોઇનો વિશ્વાસ બેઠતો નથી લોકોને એમ લાગવા માંડે છે કે આ માણુસ લોકોની નિંદા જેમ મારી આગળ કરે છે તેમ મારી નિંદા પણ લોક આગળ કરતું હશે અને આવું લાગવું સ્વભાવિકજ છે.

(૧૮) તમારી નિંદા લોકો કરે તો ચુપકીથી સાંભળ્યા કરજો અને તમારૂં આચરણ સારૂં રાખી શાંતપણે વર્તજો એટલે ખરૂં શું છે તે જલદીથી બહાર પડશે અને એથી તમારી નિંદા કરનારા પસ્તાશે તમારા વરની કોઇ નિંદા કરવા માંડે તો તેમાં તમારે પડખું આપવું નહિ. નિંદા ખરી હોય તો તે શું કર્યાથી ફરીથી થાય નહિ તેનો પ્રયત્ન કરવો જોઇએ ફોગટ લોકોની સાથે કજીયો કરવામાં ફાયદો નથી.

(૧૯) મોટા લોકોના તથા શાસ્ત્રના વચન હિતકારક છે અને તે ખરાબ લાગે તો પણ માનવા લાયક છે.

(૨૦) પોતાના ધર્મથી કદિ વિરૂદ્ધ ચાલવું નહિ કારણકે ધર્મનો નાશ થવાથી શરીરમાં રહેલો આત્મા તેને પાપ લાગે છે અને ધર્મથી આત્મા શુદ્ધ રહે છે માટે સદા ધર્મ નિતીથીજ ચાલવું.

(૨૧) અન્નથી મનુષ્યોના પ્રાણ બચે છે માટે અવસ્યં અન દાન કરવું. જો કોઈ ભૂખ્યો ભિખારી આપણે ઘરે આવે તો તેને અવશ્ય ભોજન આપવું.

(૨૨) પોતાનું સારૂં જાણીને કોઇ દિવસ ગર્વ કરવો નહિ. પોતાના મનને સ્થિર રાખી બુદ્ધિથી વિચારી ધનને સારા માર્ગમાં વાપરવું તેમજ કોઇને અહંકારથી કહેવું નહિ કારણકે જે સ્ત્રી ધનાઢય હોય છે તે સદા નમીનેજ ચાલે છે તેમજ કોઇની હાંસી કરવી નહિ.

(૨૩) સારા કાર્ય કરવામાં બીલકુલ વિલંબ લગાડવો નહિ કારણકે કાળ સદા માથા ઉપર ઘુમ્યાજ કરે છે.

(૨૪) દુરાચારથી બચવું અને તેથી બચવાનો માત્ર એજ ઉપાય છે કે દુરાચારી સ્ત્રીની સોબત કદિ કરવી નહિ તેમજ અનિતીના પુસ્તક કદી વાંચવા નહિ ખરાબ સ્થાન પર બેસવું નહિ. જ્યાં ખરાબ નિંદાની વાતો થતી હોય તે સાંભળવા ઉભુ રહેવું નહી અને સદા સતીઓના જીવન ચરિત્રો વાંચવાં કે જેથી તેની છાપ પોતાના મનમાં પ્રવેશ કરે.

(૨૫) સર્વ કાર્યમાં તમારાથી થાય તેટલી મદદ તમારે તમારા પતિને આપવી જોઇએ ઘરનું સઘળું કામ વખતસર કરી આળસ ન કરતાં પોતાની પોતાના પતિની તથા ઘરના માણસોની ઉન્નતિ જે કામ કર્યાથી થાય તે કામો કરવા તરફ તમારૂં ચિત્ત સર્વદા એકાગ્ર કરવું જોઇએ વર બહારથી ઘેર આવે ત્યારે તેને એકાંતમાં લઇ જઈ નકામી વાતોમાં દિવસ ગુમાવવો નહિ દિવસમાં એક

અથવા બે કલાક વિનોદે તેની સાથે આનંદમાં રહેવું યોગ્યજ છે પરંતુ તેજ વધારે થાયતો તેથી સુખ ન થતાં મહત્વના કામનો નાશ થાય છે અને આવી રીતે આળસમાં દિવસ કહાડનાર દંપતીમાં ઘણા કલહ ઉત્પન્ન કરનારાં કારણો એક બીજાની નજરે પડી અંતે કંકાસ થવા માંડે છે.

(૨૬) તમે તમારા પતિની સાથે વાત કરતાં લોકોની નિંદા વિગેરે ગંદી વાતો છોડી નીતિ સંબંધી જ્ઞાન સંબંધી તથા ઈશ્વર સંબંધી વિષયોપર વાતો કરો ઘર સંસારમાં જે કાંઇ ઓછું લાગે તેની યોગ્ય તજવીજ કરવા સારૂં વખત જોઈ સૂચવતાં રહેજો જ્યારે કોઈ પણ કારણને લીધે તેને ચેન ન પડતું હોય ત્યારે મધુર વચન બોલી પોતાથી બને ત્યાંસુધી તેને દિલાસો આપવો.

(૨૭) તે તમારો પતિ કોઇ ઉદ્યોગમાં નિરાશ તથા નિરૂત્સાહિ થયો હોયતો સર્વ પ્રકારે ઉત્સાહ પેદા કરાવનારા વચન બોલી તેનું મન શાંત કરવું તથા ધીરજ આપવી.

(૨૮) વિપત્તિના વખતમાં તમારો પતિ જે સ્થિતિમાં હોય તેજ સ્થિતિમાં પોતે તેની સાથે સંતોષીને રહેવું કદી કોઇ પણ બાબતસર બબડવું નહિ. ઘણી સ્ત્રીઓને

એવી ટેવ હોય છે કે તેઓ પોતાના પતિને ઘરેણાં વસ્ત્ર વિગેરે સારૂં ઘણો હેરાન કરે છે અને તેની સ્થિતિ ખરાબ હોયતો પોતાનાં સગાં વહાલાં (બાપ, મામા, કાકા, ભાઇ, બેન,) ની મહોટાઇ ગાઈ તેને લજવે છે આથી તેના મનને ઘણું દુઃખ થઇ પછીથી તેનો પ્રેમ રહેતો નથી માટે આવા પ્રકારના દુરાચરણ સાધ્વી સ્ત્રીઓએ છોડી દેવાં જોઇએ.

(૨૯) જેમ પુરૂષ પોતાના બાપના નામથી પ્રસિદ્ધ થાય છે તેમ સ્ત્રીઓ પોતાના પતિના નામથી. પ્રસિદ્ધ થાય છે સારી અથવા માઠી ગરીબ અથવા શ્રીમંત વિગેરે જે દશા પતિની તેજ સ્ત્રીઓની હોય છે તેવી દશામાં લોકની મોહોટાઇ ઉપર નજર રાખવી ઉપયોગની નથી બાપ રાજા હોય તો પણ પુત્રી તેના પદની અધિકારી થતી નથી વરની જે પદવી હોય તેજ તેને પ્રાપ્ત થાય છે.

(૩૦) જે સ્ત્રી પોતાના પતિનું રાખી તે જે સ્થિતીમાં હોય તે સ્થિતીમાં પોતે રહે છે તોજ લોકોમાં માન્ય તથા પૂજ્ય ગણાય છે તે વિરૂદ્ધ ચાલચલાવનારી સ્ત્રી કદી તેવી થતી નથી એ કહેવાની જરૂર નથી.

(૩૧) જુઓ ? આપણા ભારત વર્ષમાં પૂર્વે સીતા-સાવિત્રિ અરૂંધતિ સુલસા દ્રૌપદી લોપામુદ્રા દમયંતી વિગેરે જે મોટી મોટી સાધ્વી સ્ત્રીઓ થઇ ગઈ તેમની કીર્તિ અ-

યાપિ ભરતખંડમાં ચંદ્રિકા પ્રમાણે નિષ્કલંક ઝળકે છે તે શાથી ? તેઓ પોતાના પતિનાં છેક તત્પર ભક્ત હોઈ બે હદ પ્રેમાળ હતા તેથીજ લોપામુદ્રા રાજકન્યા હતી અને અગત્સ્ય રૂષીનું ઐશ્વર્ય જોઇએ તે પલાશાના લાકડાનો દંડ કમંડલુ ઝાડની છાલના વસ્ત્ર તથા ઝુંપડી એટલુંજ નહીં પરંતુ લોપામુદ્રાએ પોતાનું લગ્ન તેની સાથે થતાંજ પોતાના બાપે સાસરવાસામાં આપેલો બાદશાહી પોશાક અમૂલ્યમણી ઘરેણાં વિગેરે સઘળું તત્કાળ દુર કરી પોતાના પતિની સ્થિતિને અનુરૂપ ઝાડની છાલનો પોશાક પહેર્યો અને સર્વ રાજ્યભોગ ઉપર નિઃસ્પૃહ થઇ પોતાના પતિની પાછળ પાછળ સિંહ વાઘ વિગેરે ભયંકર પશુથી ગાજી રહેલાં વનમાં રહેવા ગઇ,

(૩૨) તેવીજ સવારના પહોરમાં સંભારવા લાયક કુલશિરોમણી પતિવ્રતા સીતા બાળકથીતે વૃદ્ધ સુધી સર્વેને તેની કીર્તિની ખબરજ છે તેને ઉપમાં આપવા લાયક જગતમાં કોઇનીજ યોગ્યતા નથી જેને જન્મ આપી ભારતભૂમિએ "રત્નગર્ભા" એ નામ સંપાદન કર્યું તે સર્વમાન્ય સીતાજી નવવિવાહિત છતાં સૂર્યના તડકાથી યવનથી તથા વૃષ્ટિથી ઉત્પન થનાર અસહ્ય કલેશને તેને સ્વપ્નામાં પણ અનુભવ ન છતાં પિતાના સત્યનું પાલન કરવા સારૂ ચૌદવર્ષ સુધી વનવાસ જનાર પોતાના પતિની સાથે "ન આવીશ" "ન

આવીશ" કહેતાં પણ ક્રુર રાક્ષસોનું ઘર જે દંડક અરણ્ય તેમાં રહેવા ચાલી. આહા ! તે વખતે સીતાને પોતાની મેળે ઝાડની છાલનું લૂગડું પહેરતાં આવડતું નહોતું તે વખતે તેણે શું કર્યું. તેણે તે વસ્ત્ર હાથમાં લઇ આંસુ ભરેલી આંખે રામચંદ્રજી તરફ જોયું અને રામે જાતે તે વસ્ત્ર પોતાની પ્રિય પત્નિને પહેરાવ્યું તરતજ પતિને વંદન કરી વનવાસ જવા સારૂ નીકળેલા રામની પાછળ આવી સોચનીય દશામાં રાજમાર્ગે તે ઘણાં હર્ષથી ચાલી તે દુઃખનો દેખાવ જોઇ પથ્થર સરખા કઠણ કાળજાના માણસથી પણ રોયા વિના રહેવાયું નહિ પરંતુ સીતાને જરા પણ દુઃખ નહોતું તે એવું સમજતી કે તેના પતિની સાથે તે નરકમાં હોય તો પણ તેને સ્વર્ગનું સુખ છે તથા તેને છોડી સ્વર્ગમા હોય તો પણ તે નરકમાંજ છે આહા ? આ ? કેવી પતિ ભક્તિ ? ખચીત આવો પ્રેમ તથા પતિવ્રતા જેનામાં હોય તેજ સુખી કહેવાય આગળ માત્ર વનવાસથી તેનો છુટકારો થયો શું ? નહિ જેટલી જેટલી વિટંબણાઓ હતી તે બધી દૈવે તે બિચારી સીતા ઉપર પાડી પરંતુ છેવટે તે કઠોર દૈવને પણ સીતાએ પોતાના પતિ પ્રેમથી તથા ધૈર્યથી અ-વધિ કરી બતાવી ? લોકોના અપવાદથી બીહીને પતિએ તેનો વનમાં ત્યાગ કર્યો ત્યારે તે નિર્જન વનમાં છોડેલી નિરપરાધી પુર્ણ ગર્ભા સીતાનું સ્મરણ થતું ત્યારે કેવું થતું

વારૂ ? ભવભૂતિનાં કહેવા પ્રમાણે **अपिग्रावारोदित्य पिदलति वज्रस्य हृदयम्** પથરોને પણ રડવું આવે છે વજ્રનું હૃદય પણ દુઃખથી ભાંગે છે.

પરંતુ આવે સમયે પણ સીતાનો પતિ ઉપરનો પ્રેમ તથા પતિવ્રત લેશ માત્ર પણ ઓછું થયું નહિ પોતાનો અપરાધ ન છતાં પતિએ ત્યાગ કર્યો માટે તેણે રામને દોષ દીધો નહિ પોતાનું નશીબજ એવું ખરાબ છે એમ માની ધૈર્યથી લક્ષ્મણ સાથે રામને તેણે નીતિનાં તથા ધર્મનાં વચનો કહેવરાવ્યાં “મને તમે છોડી છે તો પણ હું તમારીજ દાસી છું બીજી પ્રજા પ્રમાણે આ વનમાં મારૂં રક્ષણ કરનાર તમેજ છો તથા તમારી સત્કીર્તિ હું સાંભળીશ એટલે મને સુખથશે” એવો સંદેશો કહેવરાવ્યો ? આહા ? શું ધૈર્ય અને કેવું મહત્વ આ ખરેખર આવી સાધ્વી જે દેશમાં ઉત્પન્ન થઇ તે દેશ ગમે તેટલે નહાનો તથા દુર્દશામાં હોય તો પણ આખા જગતમાં વંદ્ય છે આપણો ભારત વર્ષ હાલ ઘણી ખરાબ અવસ્થામાં આવી પડયો છે ને તેમાં લોકના સંતપ્ત મનને શાંત કરવા સરખું કાંઇજ નથી પરંતુ અમે મહોટા અહંકારથી આકાશને ગજવાવી નાંખનાર સ્વરે મોહોટેથી લોકોને કહિએ છીએ કે અમારા ભારતવર્ષમાંનું સાધ્વી સીતા સરખું સ્ત્રી-રત્ન બીજા કોઇ પણ દેશમાં નીપજયું નથી ? ભારત

વર્ષ બીજા સઘળા ગુણોમાં બીજા દેશોથી ઉતરતો હશે પણ સીતા સરખી સતિ સ્ત્રીઓની કીર્તિમાં તેની બરાબરી કરી શકે એવી અદ્યાપિ કોઈ પણ દેશની યોગ્યતા થઇ નથી તે પ્રમાણેજ દમયંતી સાવિત્રી વિગેરે જે મોટી મોટી સાધ્વી સ્ત્રીઓ થઇ તેમનાં પણ ચરિત્ર છે માટે જે સ્ત્રીઓને પોતાની જાતીની મોહોટાઇ વધારવાની ઇચ્છા હોય તેમણે ઉપર કહેલી સાધ્વી સ્ત્રીઓના ઉદાર તથા પવિત્ર ચરિત્રનું પોતાના આચરણથી પુનરૂજ્જીવન થાય તેમ કરવું.

(૩૩) પોતાના દોષપર ધ્યાન રાખવું અને દોષથી બચવાનો ઉપાય કરવો બુદ્ધિમાનની હિત શીખામણ માન વીકારણ તે કદી ખોટી કહે નહિ અને તે સાંભળી બરાબર તેનો ઉપયોગ કરવો.

(૩૪) તમો પોતાને પિયર જાઓ ત્યારે ત્યાં કદી પણ પોતાના સાસુ સસરાના વગોણાં કરવા નહિ કારણ કે તેથી મા બાપને દુઃખ ઉત્પન્ન થાય છે અને સાસુ સસરાનો આપણા ઉપર અવિશ્વાસ રહે છે માટે તેમ ન કરવું.

(૩૫) જેને પોતાના હિતની વાતો સાંભળવી નથી ગમતી તેના નાશનો સમય નજીક આવ્યો જાણવો.

(૩૬) જ્યારે કોઈનું દુઃખ સાંભળો ત્યારે તેને ધીરજ દઇ સમજાવવું પરંતુ ઉલટું આપણે રોઈ તેના દુઃખમાં વધારો ન કરવો.

(૩૭) ચતુરતા શીખો. પતિવ્રતમાં દૃઢ રહો. માન અને યશ વધારો. શરીર અને મનને પવિત્ર રાખી સર્વનો સત્કાર કરો. ખરાબ વાતોને છોડી સદા સત્ય બોલો જે ભલાઈ કરે તેનો ઉપકાર માનો.

(૩૮) ચતુર સ્ત્રીઓ પોતાના શીલ સ્વભાવથી સર્વને વશ કરી લે છે. માટે સદા મધુર અને નમ્ર વચન બોલવું.

(૩૯) જે સ્ત્રીઓ પોતાના દુષ્ટ સ્વભાવથી પતિને દુઃખી કરે છે તે અધમ ગણાય છે.

(૪૦) જે સ્ત્રીઓ તમારી પાસે બીજાની નિંદા કરે તેવી સ્ત્રી સાથે કાંઈ પણ વાત ન કરવી તેમજ તેની સંગત પણ ન કરવી કારણકે તમારી નિંદા તે બીજા પાસે જઈને કરશે કારણ તેને તેવો સ્વભાવજ પડી ગયો.

(૪૧) જે સ્ત્રી બુરાઈની ભલાઈ કરે છે તે સ્ત્રી ઉત્તમ કહેવાય છે અને જે સ્ત્રી ભલાઈની ભલાઈ કરે છે તે મધ્યમ કહેવાય છે અને નીચ તે કહેવાય છે કે બુરાઈને બદલે બુરાઈ કરે છે તે અને ભલાઈને બદલે બુરાઈ કરે છે તે નીચમાં નીચ જાણવી.

(૪૨) શાસ્ત્રમાં શ્રેષ્ટ સ્ત્રીઓને લક્ષ્મી તુલ્ય કહી છે શ્રેષ્ટ સ્ત્રીમાં અને લક્ષ્મીમાં બીલકુલ ભેદ નથી.

स्त्रियः श्रियश्चगेहेषु ।
न विशेषोऽस्तिकश्चनः ॥

તેથી મનુષ્ય સમાજનું આભૂષણ સ્ત્રીજ છે યદિ સર્વ સ્ત્રીઓ શ્રેષ્ટ કર્મ કરીને પોતાની મર્યાદાને સ્થિર રાખવા ચાહતી હોય તો નીચે લખેલાં આચરણ અવશ્ય કરે પિતામાતા ઉપર ભક્તિ રાખે, પતિપર અનુરાગ, સંતાનપર સ્નેહ, દાસીઉપર કૃપાવતી બીજાનું દુઃખ દેખી દુઃખી હો, ગૃહના સર્વ કાર્યમાં કુશલહો. ઉચિત વ્યય કરવાવાળી પતિના હિતની ચાહના કરવાવાળી તેજ ગૃહ લક્ષ્મી છે.

(૪૩) જે સ્ત્રી જ્ઞાન, પોતાની બુદ્ધિ નિર્મળ રાખી સુશીલતાદ્વારા સ્વભાવને શુદ્ધ રાખી સારાં કાર્ય કરે તેજ સાધવી સ્ત્રી કહેવાય.

(૪૪) ધર્મ તો જેનું એક માત્ર સાધન સત્ય જેનું પ્રાણ પ્રિયવચન જેનું અસ્ત્ર અને સત્વ જેનું ભૂષણ એવી સ્ત્રી એકજ શ્રેષ્ટ છે.

(૪૫) श्वश्रुश्वसुरयोःपादौतोषयन्तीगुणान्वित
मातृपितृ परानित्ययानारीसातपोधना.

ભાવર્થ—જે ગુણ સંપન્ન નારી સાસુ સસરાની સેવા કરે છે તેમજ માબાપની નિત્ય ભક્તિ કરે છે તેજ તપોધના કહેવાય છે.

(૪૬) પતિને ગમતું ન હોય તેવું આચરણ તથા ભાષણ કરવું નહિ એ પાછળ કહ્યું છે પરંતુ જો પતિ ધર્મ વિરૂદ્ધ કામમાં પ્રવૃત થતો હોય તો તેને સારો બોધ કરી તેવા માર્ગથી પાછો ફેરવવો એ અવશ્ય કર્તવ્ય છે.

(૪૭) જે સ્ત્રી પોતાના પતિની મહેરબાની મેળવવા હા. હા કરી તેને ગમે તેવા કામ કરવાની સંમત્તિ આપે છે તથા ખરાબ રસ્તે ચઢવામાં તેને અટકાવ કરતી નથી પરંતુ મદદ આપે છે તો તે ખરેખર સાધ્વી કહેવી નહિ જોઇએ અમે તો તેને આપ મતલબી કહીએ છીએ.

(૪૮) સ્ત્રી પુરૂષનો સંસારમાં પરમ મિત્ર છે તેના જેવો મિત્ર તેને કોઇ હોતો નથી ખુશામત કરવી તે મિત્રનું કામ નથી પોતાના મિત્રનો કોઈ પણ નઠારો છંદ લાગ્યો હોય અને તેને તેમાંથી નિવૃત થવાનો ઉપદેશ કર્યાથી તેને માઠું લાગશે અથવા ગુસ્સે આવી પોતાના ઉપર તેની ઈતરાજી થશે એવું હોય તો પણ તેવે પ્રસંગે મિત્રના હિ. તને સારૂં પોતાના સુખની આશા છોડી નિસ્પૃહ પણે જે ખરૂ. હોય તેનો બોધ કરવામાં પાછું હઠવું નહિ મહા કવિ ભારવિએ કહ્યું છે કે—**हितं मनो हरिच्चदुर्लभं वच्च :** એટલે હિત કરનારૂ છતાં મન ગમતું હોય એવું વચન દુર્લભ છે.

(૪૯) ધર્મનાં તથા હિત કરનારાં વાકય બોલ્યાથી અથવા આચરણથી જો પોતાના પતિની પોતાના ઉપર ના મરજી થતી હોય તો તે બેલાશક થવા દેવી ફક્ત પતિ તો શું પણ આખા જગતની ઇતરાજી થતી હોય તો પણ બીવું નહિ સત્યનો પરાજય નથી પહેલાં કાંઇક અથવા પુષ્કળ કષ્ટ ભોગવવાં પડે તો પણ ધાર્મિક માણસને અંતે સુખ થાય છે આમ સમજી અધર્મને માર્ગે કદી જવું નહિ અથવા લોકોની મહેરબાની મેળવવા સારૂં તેવા પ્રકારની કોઈ પણ વાતમાં પોતે સંમતિ આપવી નહિ.

(૫૦) ઘણી સ્ત્રીઓનો એવો સ્વભાવ હોય છે કે તેઓએ લોકોના વૈભવ જોઇ પોતે પણ તેવાં થવાને ઇચ્છે છે તે વૈભવ કયો તો વસ્ત્ર વાસણ ઘરેણાં વિગેરેનો તે આપવાની પોતાના પતિની શક્તિ હોય તો તેઓએ તેના લોભમાં પડી તેમને તેટલા સારૂં ઘણા હેરાન કરે છે અને કદાચિત તે આપવા અસમર્થ હોય તો તે સ્ત્રીઓ પ્રત્યક્ષ રાક્ષસીઓનું સ્વરૂપ પ્રગટ કરી પોતાના પતિને ગાળો દઇ. તથા અપશબ્દો બોલી તેનો અતિશય અનાદર કરેછે. સાધ્વી સ્ત્રીઓએ આમ કરવું નિતિ વીરૂદ્ધ તથા અનુચિત છે માટે તમારે કદી પણ તેમ કરવું નહિ લોભ મનુષ્યનો પરમ શત્રુ છે લોભી મનુષ્યને કદિ મિત્ર લાભ થતો નથી.

(૫૧) તમારો પતિ પ્રિતીથી એકાદ સળી તમને

આપે તો તેપણ મોટા આદરથી તથા પ્રિતીથી તમારે લેવી તેનો અનાદર કરવો નહિ જગતમાં જેટલા પદાર્થો છે તેમાં પ્રેમ જેવો અમૂલ્ય પદાર્થ બીજો કોઇ નથી તે પ્રેમનો સંસર્ગ જે પદાર્થને થાય તે પદાર્થ જેમ પાર્શમણીના સ્પર્શથી લોહાનું સોનું થાય છે તેમ અમૂલ્ય થાય છે પ્રેમ નહોતાં કોઇ અનાદરે અમૂલ્ય રત્નો આપે તોપણ તે રત્નોને પ્રેમ પૂર્વક આપેલા પથ્થરાની પણ યોગ્યતા આવતી નથી.

(૫૨) કેટલી એક સ્ત્રીઓ લોભમાં પડી પોતાના પતિ પાસેથી પોતાના લોભની તૃપ્તિ થવાની આશા જતી રહે કે નાના પ્રકારના દુષ્કર્મો કરવા માંડે છે; પરંતુ તેમ કર્યાથી તેમને પોતાનું ઇચ્છેલું સુખ ન મળતાં હજાર ગણું વધારે દુઃખ થાય છે પછી તેમની આબરૂ જાય છે તે ફરી મળતી નથી પછી તે "હાથનું મેલ્યું આઘેનું લેવા જનારા" મનુષ્યની પેઠે જન્મ સુધી દુઃખ ભોગવ્યા કરે છે માટે પોતાના પતીનું જે કાંઇ હોય તેમાંજ સંતોષ માની રહેવું એમાં મોટાઈ પ્રતિષ્ટા તથા સુખ છે.

(૫૩) જે સ્ત્રીઓ પોતાના અદ્વિતિય મિત્ર પતિને બહારથી ભક્તિ બતાવી કપટ પ્રેમથી ફસાવે છે તેમના જેવું નિચ આ જગતમાં બીજું કોઈ નથી પરંતુ તેને ફસાવતાં પોતેજ ફસે છે.

(૫૪) કેટલીક સ્રીઓ એમ કહે છે કે મારો વર મારાપર પ્રેમ રાખતો નથી. ને મારૂં અપમાન કરે છે. તો બ્હેનો એમ કદાપિ કોઇને મ્હોઢે વાત કરવી નહિ કારણ કે તેથી આપણા ઘરની વાત ઉઘાડી થાય છે અને અંતે તેનું પરિણામ ખરાબ આવે તે માટે તે વાત ન કરવી.

(૫૫) જે વખતે જે વાત કરતાં અથવા આચરણ કરતાં પોતાનો અનાદાર થશે નહિ તેવો વખત જોઇ તેવું બોલવું તથા આચરણ કરવું વિચાર કરી હમેશા પોતાની યોગ્યતા બહારનું કાંઈ પણ કામ કરિયે નહિ તો કદિ અપમાન થાય નહિ.

(૫૬) પતિ ગુસ્સે થયો હોય અથવા રોગ શોક પસ્તાવો વિગેરે કારણોથી મન બેચેન હોય ત્યારે ઓછા વત્તા અથવા કવખતના બોલ બોલવા નહિ.

પતિ સેવા.

ગૃહસ્થીનું પ્રધાન બંધન વિવાહ છે કારણ કે પુરૂષ જ્યાં સુધી વિવાહ નથી કરતો ત્યાં સુધી પોતાને આધીન રહે છે કિન્તુ વિવાહ પછી તેની સ્વાધિનતા જતી રહે છે. અને તે એક યુવતિને પોતાની સ્ત્રી જાણીને અને

તે પણ પોતાનો પતિ જાણીને બંને અરસ પરસ પોતાના ચિરંજીવ સુધી મિત્ર અને સહાયક જાણી આત્મ સમર્પણ કરે છે. અને વિવાહની વખતે કરેલી પ્રતિજ્ઞાને યાદ કરે છે. વર કહે છેઃ—

ॐ ममव्रते ते हृदयंदधामि
ममचित ममच्चितंत्तेऽस्तु
ममवाच्चमेक मनाजुषस्व
प्रजापतिष्ट्वानियुनक्तुमह्यम ॥ १ ॥

અર્થાતઃ—હે વધુ તારા અન્તઃકરણ અને આત્માને મારી અનુકુલ ધારણ કરૂં છું મારા ચિત્તની અનુકુળ તારૂં ચિત્ત સદા રહો અને મારી વાણીને તું એકાગ્ર ચિત્તથી સાંભળીને પ્રજાના પાલન કરવાવાળા પરમાત્મા તને મારા માટે નિયુક્ત કરે.

ॐ भगस्ते हस्त मग्रभीत सविता हस्त मग्र
भीतपत्नी त्वमस्मी धर्मणाहं गृह पतिस्तव ॥ २ ॥

અર્થાતઃ—હે પ્રિયા ? ઐશ્વર્ય યુકત હું તારા હાથને ગ્રહણ કરૂં છું તથા ધર્મ યુકત માર્ગમાં પ્રેરક એવો હું તારા હાથને ગૃહણ કરી ચુકયો છું તું ધર્મથી મારી પત્નિ છો અને ધર્મથી હું તારો ગૃહપતિ છું આપણે બન્ને મલી ઘરના તમામ કાર્ય સિદ્ધ કરીએ અને જે અપ્રિય વહેવાર છે તેને કદાપી પણ ન કરવો કે જેથી ગૃ-

હુના તમામ કાર્ય સિદ્ધ થાય તેમજ ઉત્તમ સંતાન ઐશ્વર્ય અને સુખ શાંતિ હમેશાં વધતાં રહે.

તેનાથી અતિરિક્ત કન્યા અગ્નિની સાક્ષી દઇને કહે છે કે:—

भर्ता सहचरि भूया जीवताऽजीवता पित्रा

અર્થાત:—જ્યાં સુધી જીવતી રહીશ ત્યાં સુધી દાસીની સમાન પતિની સેવા કરીશ. કહ્યું છે કે:—

भर्ता देवो गुरु भर्ता धर्म तीर्थ व्रता निच्च
तस्मात्सर्व परित्यज्य पतिमे कंसमर्च्चयेत,

અર્થાત:—પતિ એજ દેવતા પતિએજ ગુરૂ સમજીશ તિર્થ, વ્રત છોડીને કેવળ પતિની સેવા ઉપાસનામાંજ લયલીન રહીશ.

હું બીજા ઘરમાં નિવાસ નહિ કરૂં તેમજ બહુ બોલીશ નહિ તેમજ પરપુરૂષની સાથે વાતચિત પણ નહિ કરૂં આગળની પતિવ્રતાઓની પેઠે હું પણ પતિની સેવા કરીશ. તેમજ પતિની આજ્ઞા સિવાય માતાપિતાને ત્યાં પણ નહિ જાઉં.

રાજદ્વારમાં નહિ જાઉં તેમજ કોઇ પણ જાતનું વ્યસન નહિ કરૂં તેમજ હે પ્રાણેશ આપની આજ્ઞા ભંગ નહિ કરૂં અર્ધી રાત્રીએ યાતો પહોર રાત્રીએ કોઇ પણ

સ્થાને નહિ જાઉં અને આપનેજ સદા પ્રાણહાર માનીશ.

સ્ત્રી પુરૂષમાં અધિકમાં અધિક ત્રણ સબંધ છે પ્રથમ ગુરૂ શિષ્ય સબંધ તે સબંધમાં સ્વામી સ્ત્રીને નિતિ ધર્મ અને કયું કાર્ય ઉચિત છે અને કયું અનુચિત છે તે શીખવે અને સ્ત્રી પોતે તે પ્રમાણે શીખી તેની અનુસાર ચાલે તથા જે સમજવામાં ન આવે તે બરાબર પુછી સમજી લે બીજો સબંધ (ચિરસુરૂપ) મિત્રતા મિત્ર જેમ પોતાના પ્રાણપ્રિયમિત્રની સહાયતામાં હરહમેશ પ્રસ્તુત રહે છે. તેવીજ રીતે સ્ત્રી પુરૂષ એક બીજાના હિતની ઇચ્છા કરે, તો તે બન્નેનો પ્રેમજન્મ પર્યંત અખંડ રહે છે ત્રીજો સબંધ અશીતે સબંધમાં સ્ત્રીના કાર્યનું ફળ પતિ ભોગવે અને પતિના કાર્યનું ફળ સ્ત્રી ભોગવે.

શાણી સુંદરીઓને ઉચિત છે કે સ્વામીને સુખ તો પોતાને સુખ અને સ્વામીને દુઃખતો પોતાને દુઃખ તેમ અવશ્ય માનવું જોઈએ જેવી રીતે એક હાથ કપાઈ જવાથી આખા શરીરને પીડા થાય છે. તેમ પતિ અને પત્નિનો હિંદુ શાસ્ત્રાનુસાર ધર્મ સબંધ છે અતએવસુશીલ સુંદરીઓને ઉચિત છે કે જે કાંઇ ધર્મ અથવા વ્રત ઇત્યાદિ નિયમ કરવા હોય તો પતિની સાથેજ કરે કારણકે તે અરસપરસ ભાગી થાય છે

સાધવી સુંદરીઓને ઉચિત છે કે પતિને દરેક કાર્યમાં

દેવતુલ્ય માને અને તેની આજ્ઞા વિરૂદ્ધ એક પણ કાર્ય ન કરે કારણ કે સંસારમાં ભલાઈ માત્ર પતિસેવા કરવાથીજ મળે છે.

પતિની સેવા ત્રણ પ્રકારે કહેલી છે (૧) માનસીક સેવા અર્થાત પતિની સાથે મનથી દૃઢ પ્રેમ રાખે અન્ય પુરૂષની મનમાં આકાંક્ષા પણ ન રાખે કારણ કે તેથી પોતે સાથે પ્રેમમાં વિઘ્ન આવે છે.

૨ વાચનિક સેવા આ સેવા આ પ્રમાણે કહેવાય છે કે સત્ય નમ્ર મધુર વચન બોલી સ્વામીના મનને પ્રસન્ન રાખવું તે વાચનિક સેવા.

૩ કાયિક અથવા શારિરીક સેવા તે આ પ્રમાણે કરવી. જોઇએ યદિ પતિ કોઈ વસ્તુ દાસજના પાસે માંગે અને તે વખતે આપણે હાજર હોઇએતો પોતે જડપથી દેવી અને પતિ જ્યાં સુધી ઘરમાં રહે ત્યાં સુધી પતિની આજ્ઞા લઇનેજ સર્વ કાર્ય કરવું તે વધારે ઉત્તમ છે તેમજ પતિ સિવાય બીજા પુરૂષ સાથે હસવું નહિ અને બધી વખતે પતિની આજ્ઞા માનવી ચાહે પ્રાણ ચાલ્યા જાય પરંતુ વ્યભિચારનું સેવન કદાપિ પણ ન કરવું કારણકે તેથી ઉભય લોકમાં નિંદા થાય છે માટે પતિવ્રતા રહેવું એજ શ્રેષ્ટ છે અને પતિની તન મન અને ધનથી યોગ્યાવસરે સેવા કરે. ઉષ્ણ રૂતુંમાં પંખા વતી વાહર ઢોળે વિગેરે

વિગેરે જે સતિના લક્ષણ હોય તે યથાશકિતથી પાળવા કહ્યું છે કે

पतिव्रता पतिप्राणा
सानारी धर्मभागिनी
शुश्रुषा परिचर्यांच
करोत्य विमना सदा.

અર્થાત:—પતિવ્રતા સ્ત્રી પોતાના પ્રાણનાથને પ્રાણ સમાન જાણી સર્વદા શાંતિથી પતિની સેવા કરે દેવી. અનુસુર્યાજીએ સતિ સીતાને કહ્યું કે સ્ત્રી સ્વામીની સેવા કરવાથીજ સારી ગતિને પામે છે અને જો સ્વામીને સદા પ્રસન્ન રાખે તો સ્વામીએ કરેલા પુણ્યની ભાગીદાર થાય છે એટલુંજ નહિ પણ અનેક પ્રકારના સુખ અખંડ સૌભાગ્ય અને ઉભય લોકના સુખ દેવાવાળો પતિજ છે.

સ્ત્રીઓને ગુરૂની માફક સતમાર્ગ બતાવવા વાલો તેમજ પિતાની સમાન હિત કરવા વાલો માતાની સમાન મમતા રાખવા વાળો અને વિશ્વાસને પાત્ર પુજ્ય જીવનહાર પ્રાણની સમાન માત્ર પ્રિય પતિજ છે અને જયારે આવી આવી ઉત્તમ પ્રકારે સહાયતા કરવાવાળો પતિજ છે ત્યારે તેને પોતાનો પુજ્યમાની હમેશાં સેવા કરવી તે સતિ સુંદરીઓનું મુખ્ય કર્તવ્ય છે.

ચાહે પતિના તરફથી પોતાને તિરસ્કાર મળે અનેક

પ્રકારના દુઃખ આપે તો પણ સતિ સ્ત્રીનું લક્ષણ છે કે પ્રેમ ઓછો ન કરતાં મનમાં એમજ ચિંતવવું જોઇએ કે પ્રાણનાથ આપજ મારે સર્વસ્વ છો જોકે જન્મથી પાલન-કરતાં મારા માબાપો છે પરંતુ લગ્નપછીતો આપજ મારા સહાયક છો તેથી મને સદાને માટે આપની દાસી જાણી ક્ષમા કરીએ તે પ્રમાણે જે સ્ત્રી સદા મીઠા અને સુધુર વ-ચનથી પોતાના પતિનુ મન રાજી રાખે છે તેવી સ્ત્રીઓની સાથે પતિનો પ્રેમ કોઈ દિવસ ઘટતો નથી પરંતુ દિવસે દિવસે વધતોજ રહે છે. સુંદરીઓને ઉચિત છે કે યદિ પોતાના પતિમાં કોઈ પણ જાતનો અવગુણ હોય તથાપિ જીવનહાર કરી માને. કહ્યું છે કે

विशालाकामवृत्तोवा गुणैर्वा परिवर्जित:
उपचर्य: स्त्रिया साध्व्यासततंदेववत्पति:

ભાવાર્થ—શીયલથી રહિત પતિ હોય કિંવા ગુણોથી વર્જીત હોય તો પણ સતિનું એજ લક્ષણ છે કે દેવતા તુલ્ય માને તેમજ સ્વામી નગરમાં રહે યાતો વનમાં રહે કુરૂપ હોય યાતો સ્વરૂપવાન હોય. પવિત્રહોય યાતો અપ-વિત્ર હોય ધનાઢ્ય હોય યાતો નિર્ધન હોય ગુણી હોય યા-તો અવગુણી હોય સુંદર બંગલામાં રહેતો હોય યાતો ઝું-પડામાં પરંતુ સતિ સ્ત્રીઓનો ધર્મ છે કે ગુણ યા અવ-ગુણ વિગેરે જે જે ખામી હોય તે ન દેખતાં પોતાનું સર્વસ્વ

જાણી સદા પ્રેમ ભાવથી વરતવું કારણ કે આ લોકમાં સ્ત્રીઓનું એજ કર્તવ્ય છે કે કદાપિ પ્રાણ તજવો પડે પરંતુ સ્વામીના હિતમાં સદા તત્પર રહે.

એજ વચનાનુંસાર સતી તારામતી પોતાના ધર્મ સ્વરૂપ પતિ હરિશ્ચંદ્રની સાથે વનવાસ ફરી તેમજ અનેક કષ્ટ સહન કર્યા. એટલુંજ નહિ પરંતુ પોતે વેચાણી વિયોગ સહન કર્યો અને જ્યારે પોતાના પ્રિયપુત્રે પ્રાણનો ત્યાગ કર્યો. ત્યારે તેને અગ્નિદાહ કરવા માટે સ્મશાનપર ગઈ તેજ વખતે પોતાના પતિ હરિશ્ચંદ્ર ઉપર તેના ધણી (રાજા) ની આજ્ઞા થઇ કે આ સ્ત્રીને આ વખતે મારી નાંખ ત્યારે રાણી તારામતી ચિત્ત સ્થિર રાખી પોતાના પતિને હાથ જોડીને બોલી કે હે મારા પ્રાણહાર ? આપના હાથથી લાગેલી તરવાર મારા ગળામાં મોતીની માળા સમાન લાગશે માટે આપ બિલકુલ ચિંતા નહિ કરતાં સત્યતાનું પાલન કરી. રાજાની આજ્ઞા માનો આહાહા ? કેવી વિચિત્ર ગતી ‘ સતી સ્ત્રીનો પોતાના સ્વામી પ્રત્યે કેવો પ્રેમ છે કે પોતાનો પ્રાણ દઇ પોતાના પતિના વચનનું પાલન કરે છે. તો સતી સ્ત્રીઓ પોતાનો પતિ પાસે હોય તો સુખી અને પરદેશમાં હોય તો તેના વિયોગથી દુઃખી જ્યાં સુધી પતિ બહાર રહે ત્યાં સુધી હાસ્ય શ્રંગાર અથવા બહુ આભૂષણ ન સજે. કેવળ પોતાનું સૌભાગ્ય સચવાય તેટલા ઘરેણાં પહેરે તેમજ શ-

શરીરે તેલ મર્દન ઇત્યાદિ પણ ન કરે અને પતિ જે કાર્યનો આરંભ કરી ગયા હોય તે કાર્યને પુરૂ કરવા બનતી મહેનત કરે અને રાત્રે પોતાની સાસુ અથવા વૃદ્ધ સ્ત્રી પાસે સુવે તેમજ બહુ ખરચ ન કરે ને પતિની શુભ કામના હમેશ કરતી રહે એવી રીતે જે સ્ત્રી પતિ સાથે સ્નેહ કરે તેનું નામ પતિવ્રતા પતિવ્રતા સ્ત્રી ઇંદ્રી સુખ યા. કોઇ પણ લોભથી પતિની સેવા નથી કરતી તેમજ તેનો એવો સ્વભાવ નથી હોતો કે જ્યાં સુધી પતિ આપાણું પાલન કરે ત્યાં સુધી પોષણ કરવું અને નિર્ધન પિડિત યા તો બલહીન થાય ત્યારે અનાદર કરે પતિવ્રતા સ્ત્રી કદી પણ એવું કરતીજ નથી અને તે પતિને સદા દેવતા તુલ્ય માને છે અને જ્યાં સુધી જીવતી રહે છે ત્યાં સુધી તે ધર્મને છોડતી નથી કારણકે માત્ર ધર્મજ મરણની પાછળ આવે છે બીજું સર્વસ્વ અહિયાંજ પડયું રહે છે તો પ્યારિ બ્હેનો? પતિવ્રતા ધર્મનો ત્યાગ ન કરો કારણ કે આ સંસારમાં તમારૂં હિત ચાહવા વાલો તેમજ સુખ દુઃખનો સાથી પ્રિય પતિજ છે માટે સદા પતિની સેવા કરવી એજ તમારૂ ભૂષણ છે એક ઠેકાણે લખ્યું છે **केइयंनारीपतिलोकं वृणाना धर्म्म पुराण मनुंपालयति** પતિવ્રતાના પાલનથીજ સ્ત્રીઓ પરલોકમાં ગમન કરે છે. તે સ્ત્રીઓને ધન્ય છે કે તે ઉપદેશ ઉપર અનુસરે છે કન્યાઓને સદા તેવોજ ઉપદેશ દેવો જોઇએ

પરંતુ આજકાલ જમાનો બદલાઇ ગયો છે કારણ કે આપણા કેળવણી પામેલા યુવકો તેમજ યુવતિઓ તે ઉપદેશ તરફ તથા પતિવ્રતા સ્ત્રીઓના ચરિત્ર તરફ બિલકુલ માન દૃષ્ટિથી દેખતાં નથી અને પોતાની સ્ત્રીઓને અંગ્રેજી સ્ત્રીઓની માફક લેડી બનાવવા ઇચ્છે છે તેમજ કેળવણી પામેલી સ્ત્રીઓ વિલાયતી બીબીઓ બનવા ચાહે છે અને પતિની સેવા કરવાને બદલે ઉલટી પતિ પાસે પોતાની સેવા કરાવવા ચાહે છે અમે એમ નથી કહેવા માગતા કે આજકાલની માફક સ્ત્રીઓ સર્વથા અનાદ્રત રહે નહિ તેઓને યથોચિતમાન સન્માન તો મલ્યાજ કરે; પરંતુ ગૃહસ્થનું જે કાર્ય સ્ત્રીઓને કરવા લાયક છે તે આવશ્ય કરે કારણકે બધા મનુષ્યોની એક સરખી દશા નથી હોતી તેઓ પોતાની સ્ત્રીઓ પાસે ઘરનું કામ ન કરાવે તો આ સંસાર ચાલી શકે જ નહિ એતો જેનું જેવું ઘર તેવું કાર્ય કરવું જોઇએ ઘરનાં સર્વ કામ સ્ત્રીઓને જ માથે છે અને બહારના તમામ કામ પુરૂષ વર્ગને જ માથે છે.

ભારત પ્રજાની ત્યારેજ દશા સુધરશે કે જ્યારે પુરૂષોની સાથે સ્ત્રીઓની દશા સુધરી જાય અને યુરોપિઅન ફેશન પ્રમાણે લેડિયોનું અનુકરણ નહિ કરતાં આગળની સતિ સ્ત્રીઓનુ અનુકરણ કરે વિશેષ એક દાખલો દેવા ચાહુ છું સતિ સાવિત્રીએ અશ્વપતના રાજાની પુત્રી હતી જ્યારે તે

યોવન વયને પામી ત્યારે રાજાને તેને માટે યોગ્ય વર મેળવવાની ચિંતા થઇ તેથી ઠેકઠેકાણે યોગ્ય વરની શોધ કરાવી પરંતુ કયાંઇ સાવિત્રીને યોગ્યવર મલ્યો નહિ. છેવટે સાવીત્રિને તથા તેમની સાહેલીઓને યોગ્યવર મેળવવા મોકલી તેઓ અનેક સ્થળ ઉપર ફરી છેવટે તપોવનમાં એક યુવાન તાપસ કુમારને જોયો કે જે પોતાના આંધળાં માત પિતાની સેવામાં તત્પર હતો. હવે તે તાપસ કુમારને સત્યવાન, તેમજ સર્વ ગુણ સંપન્ન દેખીને સાવિત્રિએ તેની સાથે લગ્ન કરવાનો વિચાર કરીને સ્વદેશ આવી અને પોતાના પિતાને તે વાત જણાવી દૈવયોગે સભામાં નારદજી પણ બેઠા હતા. તેણે સાવિત્રીને કહ્યું—

હે પુત્રી સત્યવાન તાપસ કુમાર અલ્પાયુ છે અને એક વરસ પછી તુરતજ તેનું મૃત્યુ છે તેથી તું અન્ય રાજકુમાર સાથે વિવાહ કર સાવિત્રીએ કહ્યું હે દેવ જેને હું મારા મનથી પતિ કરી ચુકી છું તે મારા પતિ થઈ ગયા કન્યાની આમ દ્રઢ પ્રતિજ્ઞા જોઇ રાજા પોતાની સાથે લઇ વનમાં વિધિપૂર્વક સત્યવાનની સાથે વિવાહ કર્યો હવે રાજાના ગયા પછી સાવિત્રી વૃદ્ધ સાસુ સસરા તથા પોતાના પતિની સારી રીતે સેવા કરવા લાગી પરંતુ તે નારદજીનું વચન ભૂલી નહોતી—

ધીરે ધીરે એક વરસમાં ચાર દિવસ બાકી રહ્યા. ત્યારે સાવિત્રીએ તે ચિંતાને લીધે ત્રણ દિવસ સુધી ગિરાહાર વ્રત ધારણ કર્યું ચોથે દિવસે પતિની સાથે વનમાં ગઇ અને ત્યાં ફરી ફરીને ફળફુલ એકઠાં કર્યા તે ઉપરાંત સત્યવાન હાથમાં કોદાળી લઈ લાકડા કાપવા ગયો અને સાવિત્રિ એક સુંદર વૃક્ષ શીતળ છાયા નીચે બેસી નારદજીના કથનને યાદ કરવા લાગી. અને તે વિચારમાંને વિચારમાં બધુ ભુલી જઈ ચારે તરફ જોવા લાગી તેજ વખતે "મારો પ્રાણ જાય છે" એવા શબ્દો તેણે સાંભળ્યા એટલે તે એકદમ ઉઠી ચારે તરફ જોવા લાગી એટલામાં તેનો પતિ સત્યવાન માથા ઉપર હાથ રાખી મારો પ્રાણ જાય છે એમ કરૂણ સ્વરથી બોલતો થોડેક દુર દેખ્યો સાવિત્રીએ તેની આ કષ્ટદાયક અવસ્થા દેખીને જલદી તેના તરફ દોડી ગઇ અને તેનો હાથ ઝાલી શું કષ્ટ થાય છે તે પૂછવા લાગી પરંતુ સત્યવાનને શરીરમાં બહુ પીડા થવાના કારણથી કાંઇ પણ જવાબ દઇ શકયો નહિ હવે કયા ઉપાયથી નાથના પ્રાણની રક્ષા થશે એવી ચીંતા સાવિત્રી મનમાં કરવા લાગી. પરંતુ નારદે કહ્યું હતું કે એક વર્ષ લગભગ તેનુ મૃત્યુ થશે માટે જરૂર તેનો અંત સમય નજીક આવ્યો છે કારણ કે મહાત્માઓનું કથન હમેશાં સત્યજ હોય છે તેમાં કાંઇ પણ સંદેહ નથી તેમ વિચાર કરી દુઃખસહ શોકાનલથી સાવિ-

ત્રીનું હૃદય બળવા માંડયું સત્યવાનની આવી દશા. જોઈ સાવિત્રી દુઃખી થઈ અનેક યત્ન કરવા લાગી પરંતુ પીડા બીલકુલ ઓછી થઇ નહિ અને અત્યંત પીડાને લીધે સત્યવાનનું શરીર ક્ષણ થવા લાગ્યું અને તેનો મરણ સમય નજીક આવ્યો. જાણી સાવિત્રી સ્વામીના પ્રાણની રક્ષાનો કોઇ ઉપાય ન દેખ્યો ત્યારે શોકાતુર થઇને બેઠી હતી તે વખતમાં વનની દક્ષિણ બાજુથી એક કાળો અને બહુ લાંબો લોઢાના રંગ જેવા વસ્ત્ર પહેરી અને મસ્તક ઉપર મુગટ ધારણ કરી અને હાથમાં દંડ ધારણ કરી દુતને સાથે લઇ તેના તરફ આવતો દીઠો હવે એકતો તે સ્ત્રીજાતી અને અઘોર વનમાં એકલી મરેલાની જેવો પતિ ખોળામાં લઈ બેઠી છે અને શોક તેમજ રૂદનથી શરીર બળી રહ્યું છે અને જેણે જીવનેશ્વરના મરવાથી જીવનની આશાનો ત્યાગ કર્યો છે એવા વખતમાં તેની ભયંકર આકૃતિ દેખીને તે સાવિત્રીનું મન બીલકુલ ભયભીત ન થયું અને ધીરે ધીરે તે મહાપુરૂષ જયારે સાવિત્રીની નજદીક આવ્યો ત્યારે વિનયથી તેમજ ગદગદિત કંઠથી બોલી—કે આપ કોણ છો અને આપની અલૌકિક મૂર્તિ અને શરીરની જયોતિ દેખતાં આપ મનુષ્ય નથી જણાતા; યદિ હતભાગિનીના દુઃખથી આપ દુઃખીત થઇ આવ્યા હો તો મારા પતિને સજીવન કરી મને કૃતાર્થ કરશો પરંતુ સાવિત્રીનો વિલાપ અને કરૂણા યુકત પ્રાર્થના સાંભળીને

તે મહા પુરૂષના મનમાં બીલકુલ દયા ઉત્પન થઈ નહિ અને તેણે કહ્યું તારા પ્રિય પતી સત્યવાનનું જીવન સમાપ્ત થયું તેને લેવા આવ્યો છું તેના આવા કઠિન વાકય સાંભળીને સાવિત્રીનું હૃદય કંપ્યું અને આંખમાંથી આંસુની ધારા ચાલી પતિના પ્રાણને બચાવવા માટે હાથ જોડીને અનેક પ્રકારે કાલાવાલા કર્યા પરંતુ તેણે માન્યું નહિ અને પતિનો પ્રાણ લઈ દક્ષિણ તરફ રવાને થયા પ્રાણનાથના મરણથી સાવિત્રી રોવા લાગી પરંતુ યમરાજને જરા પણ દયા ન આવી. સાવિત્રીએ તેની નિર્દયતા દેખી પોતાના મનમાં ચિંતા કરવા લાગી અને પતિ સિવાય સ્ત્રિને આ સંસારમાં કાંઈ પણ સુખ નથી કેવળ દુઃખમય સંસાર છે તે કારણથી પતિ પછવાડે હું પણ પ્રાણનો પરિત્યાગ કરીશ એવો વિચાર કરીને કરૂણ સ્વરથી રોતી રોતી તેના પતિની પાછળ ચાલી યમરાજ તેનો મર્મ ભેદી વિલાપ સાંભળી દયા યુકત થઇને સાવિત્રીને કહ્યું વરદાન માગ. પ્રથમ વરદાનમાં સાસુ સસરાનો અંધાપો દુર થાય બીજામાં ગએલું રાજ્ય ફરી પ્રાપ્ત થાય અને પીતા માતા દિર્ધાયુ થાય અને શતપુત્રોની પ્રાપ્તિ થાય મને પણ સતપુત્રોની પ્રાપ્તિ થાય યમરાજે કહ્યું. તથાસ્તુ એમજ થશે. એવું સાંભળી સાવિત્રીએ કહ્યું. મહાત્માઓના વાકય કદી પણ મિથ્યા થતા નથી હું પતિવ્રતા છું અને પુત્ર સત્યવાનથીજ થશે માટે કૃપા કરી મારા પતીને જી-

વતો કરી આપના વાકયને સત્ય કીજીએ યમરાજે કહ્યું જા એમજ થશે અને તે માત્ર પતિવ્રતાનો પ્રભાવ છે અને તેથીજ હું તારા ઉપર પ્રસન્ન થાઉં છું.

ત્યારબાદ સત્યવાનની સો વર્ષનીઆયુ કરી યમરાજ ચાલ્યો ગયો સાવિત્રીને યમરાજ તરફથી સર્વ સુખ પામવાની આશા સફળ થઇ.

ત્યારબાદ આર્ય પુત્રની સાથે આશ્રમમાં આવીને રૂષી મુની, બ્રાહ્મણોને વનમાં વિતેલી આદિથી તે અંત સુધી વાત કહી સંભળાવી અને તે વાત સાંભળી બધા પ્રસન્ન થયા અને સાવિત્રીનો પતિ તરફ આવો પ્રેમ દેખીને બધાએ બહુજ ધન્યવાદ આપ્યો ત્યારબાદ સાવિત્રીને કહ્યું. હે માતા ? તમારા આ કાર્યથી પિતૃકુલનું ગૌરવ વધ્યું અને નષ્ટ થએલા સસરા કુળનો પુનરોદ્ધાર થયો અને તમારો સ્ત્રી જન્મ તેમજ જીવન સફળ થયું તેમજ અત્યંત પતિવ્રત તે પણ સફળ થઇ ગયું અને તમે પતિ પરાયણતાના ગુણથી ધર્મ પ્રાપ્ત કરી પૃથ્વી ઉપર સતિત્વ ધર્મની કિર્તિની સ્થાપના કરી અને તમારી આ પતિપરાયણતા સ્ત્રી જાતિમાં ઉદાહરણ લેવાને યોગ્ય થઇ ત્યારબાદ આવેલા તમામ રૂષી મુની બ્રામણગણ સાવિત્રીના ગુણની પ્રસંસા કરી સૌ પોત પોતાને સ્થાનકે ગયા. રાજર્ષિદ્યુમ-

ત્સેન પોતાના પ્રાણથી અધિક વ્હાલો પુત્ર અને પુત્રવધુના આવવાથી અને પુત્ર વધુની અલૌકિક અને અદ્‌ભુત અનુરાગ સાંભળીને અત્યંત પ્રસન્ન અને ચકિત થઇને પોતે પોનાના આત્માને ધન ભાગ્ય સમજ્યો. વ્હાલી રમણીઓ આનો સારાંશ કેવો ઉતમ છે કે જેણે પતિવ્રતથી પોતાના મરેલા પતિને જીવતો કર્યો. તો બ્હેનો તમો પણ ઉપલું દૃષ્ટાંત યાદ રાખી તે પ્રમાણે વર્તવા સાગ્રહ નમ્ર ભલામણ કરૂં છું.

ગર્ભરક્ષા અને શિશુપાલન.

(૩)

માસિક ધર્મ બંધ થવું તે ગર્ભવતિનું પહેલું લક્ષણ છે અને તે દિવસથી જબાળક થવાની તિથી ગણાય છે.

(૨) પ્રાતઃકાળ ઉલટી થવી તે ગર્ભ રહ્યાને થોડા દિવસ થયા એટલે બે ત્રણ અઠવાડિયા પછી તે લક્ષણ પ્રારમ્ભ થાય છે સવારે જે જે ચીજ ખાધી હોય તે નીકળી જાય છે તે માત્ર ત્રણ ચાર માસ જ તેવા હાલ રહે છે અને બીજા મહિનામાં સ્તનની વૃદ્ધિ થાય છે અને થોડો કાળ વિત્યા પછી સ્તનમાંથી એક જાતનો તરલ પદાર્થ તેમજ કોઈ કોઈ વખતે દુધ પણ નીકળે છે અને ભિટનીની આસપાસનો રંગ બહુજ કાળો થઈ જાય છે અને ત્રીજા

અથવા ચોથા મહિનામાં ગર્ભસ્થિત બાલક હલમાં મંડે છે તે ચોથું લક્ષણ છે અને કોઈ કોઇ સ્ત્રીના ઉદરમાં જ્યારે ગર્ભસ્થિત બાલક ચલે છે ત્યારે તે બહુ ગભરાય છે અને કેટલીએક એવી સ્ત્રીઓ પણ છે કે તે બીલકુલ જાણતીજ નથી

નાભીના નીચેનો ભાગ તે સમયે ઉંચો થઇ જાય છે તેમજ અજીર્ણના કારણથી પણ પેટ ફુલી જાય છે તેથી ગર્ભ રહેવાનો સંદેહ રહે છે પરંતુ અજીર્ણનું પેટ મોટું થાય છે અને પાછું નાનું થઇ જાય છે પણ ગર્ભિણીનું પેટ તો દિવસે દિવસે વધતું જ રહે છે અને અજીર્ણનું પેટ નરમ અને ગર્ભનું કઠણ રહે છે પેટ વધવું તે પાંચમું લક્ષણ છે જે સ્ત્રીઓનું પેટ ચર્બિથી વધી જાય છે તો તેમાં કઠોરતાનો અભાવ હોવાથી ગર્ભ રહેવાનો સંદેહ મટી જાય છે ગર્ભવતિ સ્ત્રી દુર્બળ થઇ જાય છે તે છઠુ લક્ષણ છે અને તે દુર્બલતા આરંભથી જ થઇ જાય છે.

તે લક્ષણો સિવાય ઉંઘ ન આવવી દિલનું જલવું બહુ થુંક આવવું દાંતમાં દર્દ થવું ભૂખ ન લાગવી અને ખરાબ વસ્તુમાં મન થવું આદિ અનેક વાતો ગર્ભણી સ્ત્રીમાં દેખાઇ પડે છે.

કોઈ કોઇ સ્ત્રી તો ધુડ રાખ ખાય છે. તો સ્ત્રીઓને ઉચિત છે કે અસ્વાભાવિક તૃષ્ણાને રોકી રાખે મનમાને ફળ શાક ભાજી અથવા ઉચિતમાત્રામાં મિષ્ટાનાદિ ખાવા

માટે દેવામાં કાંઈ હરકત નથી. તેમજ ગર્ભિણી સ્ત્રીઓએ કપડા બહુજ ઢીલા પહેરવા જોઇએ કમર છાતી અને ગર્દન તે ત્રણે અંગના બંધન ઢીલા રાખવા જોઇએ તેમજ પ્રતિદિન ગરમ પાણીથી સ્નાન કરવું તે બહુજ લાભ દાયક છે અને જેને ઠંડા પાણીએ નહાવાની ટેવ હોય તેને માટે તો તે વિશેષ લાભદાયક છે તેમજ ખુલ્લી હવામાં કામકાજ કરવું તે સારૂં છે કારણ કે તેથી પાચનશક્તિ વધે છે અને આરોગ્યતા ઠીક રહે છે મનમાં ઉદાસીનતા રહેતી નથી તેમજ જે સ્ત્રીઓ ખુલ્લી હવામાં કામકાજ કરતી રહે છે તેને પ્રસવકાળમાં કાંઇપણ કષ્ટ થતું નથી જેમ ગરીબોની સ્ત્રીઓને પ્રસવકાલમાં કષ્ટ નથી પડતું તેનું મુખ્ય કારણ એજ છે અને ગરીબ સ્ત્રી પોતાના ગર્ભ ઉપર વિશેષ લક્ષ રાખતી નથી પરંતુ ગૃહસ્થની સ્ત્રી તે ઉપર વિશેષ લક્ષ રાખે છે.

તેમજ ઉભી થઇને વારંવાર ઝુકવું ભાર ઉપાડવો તે ઠીક નથી અને વારંવાર દાદરો ચડવો તે નિષેધ છે. ભાગવાથી કુદવાથી તથા નાચવાથી ગર્ભ પડી જવાનો ભય રહે છે અસ્તુ માટે તે કામ ન કરે.

તેમજ ગર્ભવતી સ્ત્રીઓએ આખો દિવસ સુઇ ન રહેવું જોઈએ પણ જ્યારે થાકી જાય ત્યારે એક બે કલાક આરામ લે અને વિશેષ આરામ એવી સ્ત્રીઓને માટે છે કે પહેલાં

કોઇવાર ગર્ભ પડી ચુકયો હોય આરોગ્ય સ્ત્રીઓનું પેટ જ્યારે બહુજ વધી ગયું હોય અને પ્રસવકાલ નજીક આવ્યો હેય ત્યારે અધિક આરામની આવશકયતા છે અને ગર્ભિણી સ્રીઓનું ભોજન હલકુ હોવું જોઇએ ખીચડી દાળ ભાત દુધ અને પાકા ફળ ખાવાથી અજીર્ણ થતું નથી તેમજ ખુબ પકાવેલું શાક પણ બહુજ સારૂં છે અને આચાર ચટણી તેમજ ખારી ખાટી ચીજ પર અભાવ રાખવો જોઈએ

ગર્ભિણી સ્ત્રીએ સર્વ પ્રકારના રોગથી બચવાને માટે તથા પ્રસવ કાળની સરલતાને માટે એજ આવશકય છે કે કબ્જ રેહવા ન પામે અને ઉચિત ભોજન કે જે ઉપર કહી ગયા છીએ તે કરે અને રોજ સવારે ગરમ પાણીનો એક પ્યાલો પિજાય અને ઘરના કામકાજમાં લિપ્ત રહે તેમજ રાત્રે જાગે નહિ તેમજ નાચ કુદથી દુર રહે તો ગર્ભવતીની તંદુરસ્તી બહુજ સારી રહે છે અને કદિ કબ્જ થઇ જાય તો તેના તુરત ચાંપતા ઈલાજ લેવા જોઇએ તેમજ કોઠો સાફ કરવા માટે સર્વથી સારો જુલાબ એરડીયાનું તેલ છે. અને અઠવાડીયામાં એક વાર તેનો જુલાબ લેવો તે લાભકારી છે તેમજ રાતને દીવસમાં થઈ એક વખત કળશે જવું પડતું હોય તે પછી કબ્જનો વહેમ ન કરવો જોઇએ.

કબ્જ રેહવાથી કેટલીએક સ્ત્રીઓને બહુજ નુકશાન

થાય છે અને દવા કર્યાં છતાં પણ સારૂં થતું નથી અને પ્રસવકાલ નજીક આવતો જાય છે પરંતુ તે વખતે યાદ રાખીને સુયાણી (દાઈ) ને પ્રથમથીજ બેલાવીનેજ રાખવી જોઇએ અને પ્રસવકાલ તે એક સૃષ્ટિનો નિયમ છે માટે તેમાં બીલકુલ ચીંતા રાખવા જેવું છે નહિ.

સુવાવડને માટે જે ઓરડો રાખ્યો હોય તે બહુજ સાફ સુફ રાખવો જોઇએ અને તેની અંદર સાફ વાયુનું આવાગમન થાય તેવો હોવો જોઇએ સુયાણી સાફ કપડાં પહેરીને અંદર જાય અને મિથ્યા વિશ્વાસવાળી સુયાણીને ન રાખવી તેમજ જ્યારે બાળકનો જન્મ થઈ ભૂમી ઉપર પડે તે વખતે સુયાણી સાવચેત રાખીને જોવે કે તેને વાળ ગર્દનમાંતો ચોંટી રહ્યા નથી અને ત્યાર પછી એક સાફ રૂમાલથી બાળકનું મુખ તેમજ ગળુ જલદી સાફ કરે કે જેથી બાળકની શ્વાસ ક્રિયા શરૂ થાય અને જ્યારે બાળક જન્મે ત્યારે તેને રોવાની જરૂર છે અને ન રોતો હોય તો તેને હરકત ન આવે તેવી રીતે રોવરાવવાની ખાસ જરૂર છે કારણ કે રોવાથી ફેફડામાં હવા જાય છે ઘણી વખતે એવું પણ બને છે કે બાળક નથી તો રોતું તેમજ નથી શ્વાસ લેતું પરંતુ તે એજ હાલતમાં થાય છે કે જન્મ થવામાં બહુજ વખત લાગે છે અને તેની નાળ દબાઈને શ્વાસ બંધ પડી જાય છે તો એવી

દશામાં તેનું મૂખ સુજી જાય છે પણ જો તેની છાતીમાં ધકધકાટ થતો જણાય તો બાળક જીવવાની આશા રહે છે. યદિ ધકધકાટ બીલકુલ બંધ થઈ ગઈ હોય તો ચહેરાનો રંગ પીળો થઈ જાય છે માથું એક તરફ લટકી જાય છે હાથ પગ ઢીલા પડી જાય છે એવી અવસ્થામાં બાળક જીવવાની આશા રહેતી નથી. પરંતુ યત્નથી ભૂલવું નહિ અને જ્યારે બચ્ચાની તેવી દશા હોય તો નાળ તુરત કાપી નાંખવી અને ગળામાં આંગળી નાંખી તેને સાફ કરવું જોઇએ અને કોઇ કોઇ વખતે બે ત્રણવાર છાતી ઉપર હળવે ટોકર મારવાથી શ્વાસ આવે છે. એ સિવાય બીજા અનેક ઉપાય છે પરંતુ સ્થિર ચિત રાખીને ઘણા વખત સુધી તેનો ઉપાય કરવો જોઇએ. કોઈ કોઇ વખતે બબે કલાક અથવા તેથી વધારે વખત ઉપાય કરવાથી નવિ જીંદગી આવે છે.

હવે બાળકનો જન્મ થયા પછી માતાના પેટને સાફ કપડાવડે બાંધી રાખવું જોઇએ અને પ્રસવકાળ પૂર્ણ થયા પછી બે કલાક સુધી ચૂપચાપ વિશ્રામ લે યદિ શરીર આરોગ્ય હોય તો બાળને દૂધ પિવરાવા દે પરંતુ ધાયમાતાને કદાપિ ન સોંપવું જોઇએ જે માતા પોતાના બાળકને દૂધ નથી પીવરાતી તે સૃષ્ટિથી વિરૂદ્ધ ચાલે છે જે બાળક બીજી સ્ત્રી અથવા ગાયનુ દુધ પીવે છે તે બાળક યદિ જીવતું

રહે પરંતુ દુર્બલ રહે છે કારણ કે પોતાની માતાનો સ્નેહ હોય છે એટલે બીજી સ્ત્રીનો સ્નેહ કદાપિ રહેતોજ નથી, કેટલાક અમિરોને ઘરે નીચ જાતીની સ્ત્રીને ધવરાવવા રાખે છે. પરંતુ દુધ રૂધિરથીજ ઉત્પન્ન થાય છે અને રૂધિર શરીરનો એક મુખ્ય ભાગ છે. આ ધવરાવાવાળી સ્ત્રીની ચાલ ચલગત તેમજ પ્રકૃતિના પ્રભાવથી છાપ તેના ઉપર પડે છે તો વિચાર કરીએ કે નીચ બુદ્ધિવાળી સ્ત્રીઓના દુધની પ્રભાવ બાળક ઉપર કેવો પડે મોટો થાય પરંતુ ધવરાવવાવાળી સ્ત્રીની સમાન તેની બુદ્ધિ થાય જે સ્ત્રીઓ દુર્બળ થવાના કારણથી પોતાના બાળકને ધવરાવતી નથી તે બહુ ભૂલ કરે છે અને પાછી તુરત ગર્ભવતિ થાય છે માટે પોતાના બાળકને પોતેજ નિયમસર ધવરાવે તો વિશેષ ફાયદો છે. કારણ કે વારંવાર ધવરાવવાથી બને ને ગેર ફાયદો છે અને જ્યારે બાળકને ધવરાવવો હોય તો સ્તનના અગ્રભાગને ગરમ પાણીથી ધોઈ કપડા વતી સાફ કરીને ધવરાવે નહિ તો ભીટની ઉપર બાધી રહેલું દુધ વાસી રહે છે અને મેલ બાઝે છે તે બધો બાળકના પેટમાં જાય છે તેથી નુકશાનકારક છે.

ઘણી સ્ત્રીઓ બચ્ચાંને જલદી જલદી દુધ પીવરાવે છે અને ઘણી તો તેના મૂખમાંજ સ્તન લગાડી રાખે છે તે બન્નેને નુકશાનકારક છે જેવી રીતે શરીરનો અન્ય ભાગ

વિશ્રામથી આરોગ્ય રહે છે તેવીજ રીતે પેટ પણ વિશ્રા-
મથી આરોગ્ય રહેવાં ઇચ્છે છે પહેલાં એક બે અઠવાડીયાં
ચાર વાગ્યાથી તે રાત્રીના દશ વાગ્યા સુધી બબ્બે કલાકને
આંતરે ધવરાવે અને પછી છ કલાક ઉંઘે ત્યાર પછી ત્રણ
ત્રણ કલાકને આંતરે પિવરાવવાનો નિયમ કરે અને લાગ
લાગટ ધવરાવવાથી પ્રથમ તે માતાજ દુર્બળ થઇ જાય છે
કારણ કે સ્વભાવિકથી અધિક અંશ તેના શરીરમાં દુધ રૂપ
થઇને નિકલી જાય છે અને તેમજ દુધ નિકળવાની જે
ભિટનીએ તેને પણ આરામ ન મલવાથી દુધ પણ સારૂ
નિકલતું નથી અને બાળકને બહુજ ધવરાવવાથી ફાયદો
નથી કરતું પરંતુ અજીર્ણ વમન તેમજ આફરો વગેરે ઉ-
ત્પન થવાનો ભય રહે છે ધાવણની ન્યુનતા હોવાને લીધે
દુધ પીવરાવવું પડે છે તે વખતે બકરીનું દુધ પીવરાવવું
ઘણું જ સારૂ છે અને બળવાન બાળક ગાયના દુધને પણ
હજમ કરી શકે છે તેમજ દુધ બહુ સારૂ રાખવું જોઇએ.
કોઈ વખત ખૂલુ રહેવા ન પામે ગાય તેમજ બકરાના દુ-
ધમાં પહેલાં તેટલું પાણી મેળવવું જોઇએ અને પછી ધીરે
ધીરે પાણી ઘટાડતા જવું તેમજ દુધ બહુ ગળ્યું ન કરવું
દુધ કાચની ધાઇમાં પીવરાવે પરંતુ તેને ખુબ સાફસુફ રાખવી
જોઇએ કારણકે તેમાં જો થોડું દુધ રહિ ગયું હોય તો તે બીજા
તાજા દુધને પણ બગાડે છે તે માટે તેના ઉપર વિશેષ ધ્યાન

રાખવું જોઈએ કે દુધ પીવરાવ્યા પછી તેને ગરમ પાણીમાં-
છોડી દેવી કે જેથી અંદર ચોંટી રહેલું દુધ પાણીમાં નીકળી
જાય એક વાર એક મહિનાના બાળકને છટાંક અથવા અડધો
પાશેર દુધ પીવરાવવું જોઈએ રાત્રીના વખતમાં માતાએબાળકને
ઉઠાડી ધવરાવી લેવું જોઇએ પછી સવારે ધવરાવવું જોઇએ
અને વચમાં છ સાત કલાક સુવા દેવો જોઇએ નહિ તો
માતાની આરોગ્યતામાં ભય રહેવા પામે છે અને નો મહિ
નાથી તે બાર મહિના સુધીમાં ધીરે ધીરે ધાવણ છોડાવી
દેવું જોઇએ પહેલાં રાત્રે ધવરાવવું બંધ કરવું અને દિવ-
સમાં સવાર સાંજ ધવરાવે કારણ કે બાર મહિના થયા
પછી ધાવણ બગડી જાય છે અને તે બાળકને લાભને બ-
દલે હાનિ કરે છે.

આ દેશમાં એવો રિવાજ છે કે બાળકને બે વરસ
સુધી ધવરાવે છે એટલુંજ નહિ પરન્તુ જ્યાં સુધી બીજું
બાલક નથી થતું ત્યાં સુધી ધવરાવે છે આ રિવાજ બા-
ળક તેમજ માતા બન્નેને હાનિ પહોંચે છે બાળકને મા-
તાની સાથે ન સુવરાવવો જોઇએ કારણ કે તેથી બે તરફથી
હાનિ થાય છે. એક તો બાળકને ઘડી ઘડી ધાવવાની ટેવ
પડે છે અને કોઇ કોઇ વાર મોઢું તથા નાક દબાઈ જાય
છે તેથી બાળકનો શ્વાસ બંધ પડી જાય છે અને બાળકની
તે શક્તિ નથી કે તેની માતાને તે સમયમાં જગાડે માટે

બાળકને જુદા પારણામાં સુવરાવવો જોઇએ બાળકને પ્રતિદિન પાણીથી નવરાવવો જોઇએ અને ઝાઝીવાર સુધી તેનું શરીર ભીનું ન રાખવું જોઇએ માટે જલદીથી સાફ કરવું.

બચ્ચાના શરીરને અચાનક સર્દી ગર્મી વિગેરેથી બચાવવાની ને કપડાની આવશયક્તા છે. અને તેની નીચે મલમલનું જબલું પહેરાવવું જોઇએ કારણ કે મેલ તેથી નથી લાગતો બાળકનું જબલું વિગેરે પોચું બાંધવું જોઇએ અને જે બાળકને ખાંસી થઇ હોય તેને અવશ્ય ફલાલીનનું કપડું પહેરાવવું જોઇએ અને બાળકના કપડાં મેલાં થયા હોય તો તુરત બદલવા જોઇએ તેમજ પગને સર્દી ન લાગે તે માટે મોજાં પહેરાવવા જોઇએ બાળકને ઘરેણું પહેરાવવું તે અનુચિત છે હાથમાં પગમાં કડાં પહેરાવવાથી હાની પહોંચે છે કારણ કે બાળકનું શરીર જે વખતે વધે છે ત્યારે તે ભાગ પાતળો રહી જાય છે.

જ્યારે બાળક બે ત્રણ માસનો થયો ત્યારે તેને શીળી કઢાવવી તે આવશકયનું કાર્ય છે કારણ કે જ્યારે મોટો થાય છે ત્યારે તે જલદી રૂજાતુ નથી માટે નાનપણમાં શીળી કઢાવવી અને તે વખતે બાંડિયો જભો પહેરાવવો જોઇએ કે માખી મચ્છર બેસવા. ન પામે તેમ રાખવું જોઇએ અને શીળી કઢાવ્યા પછી ચાર પાંચ દિવસ પછી તાવ આવે છે ને તે ત્રણ ચાર દિવસ સુધી રહે છે હાથ

પણ સોજી જાય છે પરંતુ તેમાં ગભરાવું નહિ અને તેના ઉપર માખણ અથવા મલાઇ ચોપડવી જોઇએ.

ત્યારબાદ જ્યારે દાંત આવે છે તે વખતમાં બાળકને બહુજ કષ્ઠ પડે છે અને જાત જાતના રોગો ઉત્પન્ન થાય છે તે વખતે તેને દુર્બળ દેવા ન થવું જોઇએ અને ખુલી હવામાં તેને લઈ જવો જોઇએ. જેવી રીતે મોટો બાળક ખેલી કુદીને પોતાનું અન્ન પચાવે છે તેવી રીતે નાના બાળકને પણ પચાવવું જોઇએ તેને એકને એક ઠેકાણે સુવરાવી રાખવો ન જોઇએ પરંતુ તેને જરા રમાડવો હસાવવો કે જેથી તેનું પાચન થઈ જાય.

બાળકને ઘણું કરીને મલમુત્રથીજ વિકાર થાય છે ઘણી વખતે મલમૂત્રમાંજ તે બાળકને બહુજ પીડા થાય છે માટે તેનો મળમૂત્ર તુરત ત્યાગ કરી તેને સાફ કરવો ત્યારબાદ બાળકને પાંચ વરસ સુધી લાલના પાલના કરવી કહ્યું છે કે—

लालयेत्पंचवर्षाणि अष्ठवर्षाणि पाठयेत
प्राप्तेषोऽषमेवर्षे पुत्रमीत्रंसमाचरेत

ભાવાર્થ:—પાંચ વરસ સુધી બાળકની લાલના પાલના કરવી અને આઠ વરસ સુધી ભાણવવો અને સોળ વરસનો થાય ત્યારે મીત્રની પેઠે માનવો જોઇએ.

ધૈર્ય અને સાહસ.

(૫)

જ્યારે આપણે કોઈ પણ કાર્યમાં હાથ નાંખીએ છીએ તે વખતે સફળ થવાની આશા આપણા મનમાં થાય છે કારણકે આશાવિના કોઈ પણ કાર્ય આપણે હાથ લેતાં નથી પરંતુ આશા સદા સફળ નથી હોતી કોઈ કોઇ વખતે વિઘ્ન આવીજ નડે છે કે જેથી આપણે નિરાશ થઈ જઇએ છીએ પરંતુ જો આપણે દૃઢ મગજના ન હોઇએ તો અડધુ કરેલું કાર્ય ધોઈ નાંખીએ અને તેથી બધું કાર્ય ધૂળમાં મળી જાય છે કોઈ એક વિદ્વાન કહે છે કે કાર્ય કરવાવાળા મનુષ્ય ત્રણ પ્રકારના હોય છે. એકતો વિઘ્નના ભયથીજ કોઈ કાર્ય ઉપાડતો નથી બીજો કાર્ય શરૂ કર્યું પણ વિઘ્ન આવે કે તુરત છોડી દે છે ત્રીજો એ છે કે ગમે તેટલા વિઘ્ન આવે પરંતુ જેના મનમાં માત્ર એજ રમી રહ્યું છે. **देहंपातयामि कार्यंसाधयामि** દેહ પડે તોપણ કાર્ય સાધવું અને કોઈ પણ વિઘ્નથી ચલાયમાન થતો નથી તો ત્રીજો ઉત્તમ પુરૂષ ગણાય છે. બીજો મધ્યમ અને પહેલો અધમ ગણાય છે કોઇ પણ કાર્ય આરંભ કરવામાં પહેલું કાંઇને કાંઈ વિઘ્ન આવીજ નડે છે પરંતુ તે વખતે બુદ્ધિમાન તો તે ગણાય

કે તે વિઘ્નને સફળતાની સીડી માની પોતાના ઉદ્દેશને સામે રાખી ધૈર્યથી કામ કરેતો તો તે અવશ્ય પોતાનો ઉદ્દેશ પાર પાડે પરંતુ વિઘ્નોથી ગભરાઇને કામ છોડી દે તો તે મૂર્ખનું લક્ષણ છે એક જણે યથાર્થ કહ્યું છે કે વિઘ્ન અને વિફલતા આબે સફલતાની સીડીયો છે તે કરતાં એક દૃષ્ટાંતથી સમજાવવું સારૂં છે કારણ છે દૃષ્ટાંત વિના દાષ્ટાંત સિદ્ધ થતું નથી તમારે કોઇ વખત પેટી યા કબાટ ખુલવાની જરૂર પડી તેને માટે તમોએ તમારા પતી પાસેથી કુંચીનો જુડો માગી લીધો માનોકે તમો તેનાથી અજાણ્યા છો એટલે કે તમોને ખબર નથી કે કઇ કુંચીએ આ કબાટ ખુલે છે તેમજ તમો પુછવું પણ ભૂલી ગયા પછી કબાટ પાસે જઇ તે જુડામાંની એક ચાવી લગાવી તેનાથી ખુલ્યું નહિ તો તમોએ બે ત્રણ ચાવી લગાવી તો પણ ખુલ્યું નહિ અને પછી જ્યારે વારા ફરતી બધી ચાવી લગાવો છો ત્યારે એક ચાવીએ ઉઘડે છે હવે તમો બારિક દ્રષ્ટિથી જોશો કે પેલી ચાવી લગાવી એટલે ન ખુલ્યું તેમજ ફરીને લગાવી તો તેથી પણ ન ખુલ્યું તો તે વખતે તમોએ કંટાળીને છોડી દિધું હોત તો તમારૂં તે કાર્ય ફત્તેહમંદ થાત નહિ પરંતુ તમોએ ધૈર્ય પકડી તેના ઉપર મહેનત કરી તેથી તમારૂં કાર્ય પરિપૂર્ણ થયું. તો પ્રિય પાઠકગણ ? ગમે તે કાર્ય ઉ-

પાડો અને તેમાં એક બે વખત તમો વિફ્લતા પામો તો પણ ગભરાવું નહિ તેમજ અધિરા બનવું નહિં કહેવત છે કે "ચડે તે પડે" ઇગ્રેજ લોકો એવા ધૈર્યવાન હોય છે કે જે કામ ઉપાડે તે પાર પાડયા વિના રહેજ નહિ જે ધણીએ ફોટોગ્રાફનું પહેલ વહેલું કામ ઉપાડયું તે ધણી-નો તો તેમાં અંત આવ્યો તો પણ તેણે તે કામ નહિ છોડતાં પોતાના પુત્રને સોંપ્યુ અને અંતે તે કામ સિદ્ધ થયું તો બ્હેનો હરેક કાર્યમાં ધીરજ રાખવી આપણે કોઇ પણ કાર્યમાં વિફળતા પામીએ ત્યારે જાણવું કે આ કામ સારૂં ફળ આપશે તો પ્રિય બ્હેનો? ધૈર્યનો ગુણ તો અવશ્ય ધારણ કરવો જોઇએ કારણકે તમો કોઈ પણ નાનું યા મોટું કાર્ય ઉપાડશો અને જો તમારામાં ધૈર્યનો ગુણ નહિ હોય તો તમે તે કાર્યમાં કદાપિ પણ જય નહિ પામો તે માટે હરેક કાર્યમાં ધૈર્યની પહેલી જરૂર પડે છે અને જ્યારે તે કામમાં ફતેહમંદ ન નીવડીએ તો પણ હીમ્મત હારીને બેસી ન રહેવુ. જોઇએ પરંતુ તેથી વધારે સાહસ કરી વ-ધારે ઉદ્યોગ કરવો જોઇએ અને તેથી આપણું કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે.

આ વિષયમાં હજુ ઇતિહાસિક દાખલા દેવા ઈચ્છુ છું.

આપણા દેશમાં એક મહા પ્રતાપિ નળરાજા થઇ ગયો છે તેને એક જુગાર રમવાની બુરી ટેવ પડી હતી

એક દિવસે પોતાના ભાઇ સાથે રમતાં રમતાં તમામ હારિ ગયો અને કહેવત છે કે હાર્યો જુગારી બમણો રમે તેથી તેણે જીતવાની આશાએ પોતાનું સમગ્રરાજ્ય માંડી દિધું તે પણ હારિ ગયો કારણ કે અધિરો થઇને ધર્મની પહેલાં જ ધૈર્ય (ધીરજ) તાનો ત્યાગ કરી દીધો હતો તો કહીએ ભલા તેનો જય કેવી રીતે થાય કારણકે જુગારમાં તેણે રાજ્યવસ્ત્રાભૂષણ અને સુખ ભોગવવાની તમામ ચીજો હારિ ગયો હતો પછી પોતાની સ્ત્રી દમયંતિને લઇ વન-વાસ ચાલી નીકળ્યો. તે રાજા જેવો અધિર પ્રકૃતિવાળો પુરૂષ હતો તેવીજ તેની સ્ત્રી સતી દમયંતિ ધૈર્ય અને સાહસ વાળી હતી આવી દુર્ભાગ્યના વખતમાં જે દમયંતિ કે જેણે મખમલના સપાટ સિવાય જમીન ઉપર પગ પણ નહોતો દિધો તે સતી જંગલમાં કાંટા ઉપર પોતાના સ્વામી નાથની પાછલ ચાલતી અને જ્યારે પોતાનો સ્વામી થાકી જતો ત્યારે ચાકરી કરતી. ધન્ય છે દમયંતિને કે જેના માબાપ પૂર્ણ સુખી અને પ્રતાપિ રાજા હતો તેણે એટલે તેના પીતા જનકે તેડાવી હતી પરંતુ તે દમયંતિ સતિ સ્ત્રીના ધર્મને અનુસરી પોતાના સ્વામી સાથેજ ચાલી નિકળી હતી તેમજ રાજાએ પણ પોતાની સ્ત્રીને ઘણું સ-મજાવ્યું કે તું તારા પિતાને ત્યાં જા તું વનવાસમાં દુઃખ વેઠી નહિ શકે પરંતુઃ તે સ્ત્રીએ તે વખતે પોતાના પતિને

સાથન છોડતાં પતિની સાથેજ વનવાસ ચાલી નીકળી હતી અને નિચેના દોહરાને પ્રમાણિક કર્યો હતો.

ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી,
વિપતકાળ પરખિએ ચારિ.

જ્યારે રાજા શોકથી વ્યાકુળ થઈ વિલાપકરતો ત્યારે દમયંતિ નાના પ્રકારના મૃદુ વચનોથી સમજાવી સંતોષ કરતી અને તે સતી સ્ત્રી મનથી હમેશાં તેની સેવા કરતી પરંતુ રાજા પોતાની પ્યારી સ્ત્રીનું દુખ જોઈ શકતો નહિ તેથી સમય સમય પર અધિરો થઇ વિચારતો કે કદાચિત હું વનમાં છોડી દઉં તો તે સ્વયં પોતાના પિતાને ત્યાં ચાલી જશે આવા ઈરાદાથી તેને જંગલમાં છોડી દીધી પરંતુ તે પતિવૃતા પોતાના પિતાને ત્યાં નહિ જતાં પોતાના પતિની શોધખોળમાં નિકળી પડી (ધૈર્ય અને સાહસ પકડી જો કે વનમાં તે એકલી હતી અને ચારે તરફ સિંહ વાઘ વિગેરેનો ઘણોજ ભય હતો પરંતુ તે પતિવ્રતા તેમજ સાહસી ક્ષત્રી બાળાએ તેની જરાપણ પરવા રાખી નહિ અને એકાંત મનથી તે જંગલમાં પોતાના પતિને શોધવા લાગી શોધતાં શોધતાં એક અજગરે તેનો પગ ગળ્યો આથી દમયન્તિ ભયભીત થઈને એક ચીસ પાડી એટલામાં એક પારધી આવ્યો અને જોયું તો એક બાળા અને અજગરને દીઠા હવે બાળાને બચાવવા માટે તેણે અજગરને કુહાડી

વતી મારી નાખ્યો. આથી બાળા તે દુઃખથી વિમુખ થઇ પરંતુ તે પારધી દમયન્તિનુ રૂપ અને લાવણ્ય જોઈ તેના ઉપર મોહિત થયો ત્યારે દમયન્તિ એ તેને ઘણું સમજાવ્યો પણ માન્યો નહિ છેવટે દમયન્તિએ એક ધકો મારી તરવાર તેની પાસેથી ખેંચી ઉપર ચડી બેઠી અને ઘાયલ કર્યો પછી દમયંતિ તે તરવારને ફેંકી પોતાનો રસ્તો લીધો. ભટકતી ભટકતી તે પોતાના પિતાને ત્યાં જઇ પહોંચી.

અહિંયા રાજા નળ પણ બહુ ભટકયા પછી એક રાજાને ત્યાં સારથીની નોકરીપર રહ્યો. પરંતુ પતિવ્રતાને પતિ વિના ચેન કયાં પડતું હતું તેથી તેણે પોતાની તીક્ષણ બુદ્ધિથી વિચાર કર્યો કે મારા પતિમાં જેટલા ગુણ છે. તેટલા કોઇ પાસે નથી અને તેથી તે કોઈ રાજાને ત્યાં નોકર રહ્યા હશે. તે માટે પિતાની સાથે સલાહ કરી પોતાનો સ્વયંવર રચ્યો કે જેમાં દેશભરના રાજાને આમંત્રણ મોકલ્યું. અને દેશના અનેક રાજા એકઠા થયા. તેમાં તે પણ રાજા આવ્યો કે જેને ત્યાં નળ નોકરી રહ્યો. હતો. દમયંતિને પોતાના પતિનો મેળાપ થઈ ગયો અને પોતાના સાસરાની સહાયતાથી ફરીને રાજ્ય મળ્યુ તેથી રાજા નળ આનંદથી રહેવા લાગ્યો. પ્રીય બ્હેનો ? દમયંતિના ધર્ય અને સાહસનું ફળ જ્યારે તેના પતિએ તેને વનમાં છોડી દીધી હતી તે વખતે તે ધૈર્યથી અને સાહસથી કામ ન લેત તો પ્રાણથી પણ

અધિક અને મૂલ્યવાન તેનું સતિત્વ રત્ન કદિ બચત નહિ આપણી આજકાલની અબળાઓના તો પ્રાણજ ચાલ્યા જાય તેનું મૂખ્ય કારણ કે આજકાલ આપણામાં સતિત્વ બીલકુલ છે નહિ જ્યારે વિખ્યાત બાદશાહ અકબરે ચિતોરગઢ ઉપર સ્વારી કરી હતી અને જ્યારે કિલ્લાના દરવાજા બંધ કરીને ઘણા દિવસ સુધી યુદ્ધ ચાલ્યું અને જ્યારે રજપુતનો મુખ્ય સરદાર જયમલદાર માર્યો ગયો ત્યારે રજપુતોએ દરવાજા ખુલા કરી લડાઈ ચલાવી અને ઉઘાડી તરવારે મુસલમાન ઉપર તુટી પડ્યાં બીજી તરફ એક રજપુત રમણી પોતાના માત્ર એક સોળ વરસના પુત્રને યુદ્ધમાં મોકલવા સારૂં તૈયારી કરતી હતી અને પાસે તે પુત્રની માત્ર બાર વરસની નાવોઢા સ્ત્રી ઉભી હતી માતાએ પોતાના પુત્રની કમ્મરમાં તલવાર બાંધી અને પીઠપર ઢાલ મુકીને કહ્યું. બેટા યુદ્ધમાં માતાની કુઃખને કલંકિત ન કરતો ? મારા દુધની લાજ તારા હાથમાં છે. જા શત્રુઓનો પરાજય કરી સાચો ક્ષત્રીય પુત્રથા આહા ? કેવો દેખાવ ? પોતાના પ્રાણથી પ્યારો માત્ર એકજ પુત્ર અને સામે ઉભેલી માત્ર બાર વરસની નવોઢા સ્ત્રી તોપણ માતા પોતાના પુત્રને કેવો ઉપદેશ આપતી હતી આહાહા ? અફસોસ—આજકાલના માબાપ પોતાના પુત્રને શિક્ષક જરા મારે તો તુરત નિશાળેથી ઉઠાડી મુકે છે અને એવું તો શિક્ષણ આપે છે કે ભાઇ રાત્રે

બહાર ન જાવું અને અંધારે ચાલવું નહિ તેના વચનની છાપ જ્યારે મોટો થાય તો પણ મનમાંથી ખસતી નથી એટલે તે બીકણુજ રહે છે અને વળી પરદેશમાં મોકલવો તે તો સુઈ રહ્યું પરંતુ કદાચ દેશમાં મોકલે તો પણ અનેક બહાના કાઢી પાછો બોલાવી લે છે.

હે પ્યારી ભારત રમણીઓ ? બાળકની ઉન્નતિ થવી તે તમારા હાથમાં રહેલી છે આજે જે બાળક તમારા ખોળામાં બેઠેલો છે તે એક મહાન પુરૂષ થવાનો છે પરંતુ ક્યારે તેને તમે ઉત્તમ કેળવણી આપશો ત્યારેજ તો બ્હેનો? તમે તમારાં સંતતીને સારા માર્ગે ચડાવા ચ્હાતા હોતો ધૈર્ય અને સાહસની છાપ નાનપણથી પાડો કારણ કે ધીરજના ફળ મીઠાં છે.

આરોગ્ય રહેવાના નિયમો.

(૬)

धमार्थकाम मोक्षाणाम्
आरोग्यमूल मुत्तमम्

ધર્મ અર્થ કામ અને મોક્ષના સાધનમાં આરોગ્યતાની પહેલી જરૂર છે કારણ કે નિરોગી રહેવાથી શરીર બલવાન રહે છે અને બળ હોવાથી તમામ કાર્ય કરવામાં

મન લાગે છે. તો હમેશાં નિરોગી રહિએ તે વધારે સારૂં છે અને હમેશાં રોગી રહે છે તેનું બળ પણ ઓછું થઇ જાય છે તેમજ સ્વભાવ પણ તિખો થઈ જાય છે કારણકે રોગી માણસને કાંઇ પણ કામ કરવું તોતે એક મોટા ભાર જેવું લાગે છે તેથી તે બધાને અપ્રિય થઈ જાય છે કહેવત છે કે " કામાપુતર વ્હાલા " અને જે સદા નિ-રોગી રહે છે તેનો સ્વભાવ પણ પ્રસન્ન રહે છે અને ઘર વાળાની સાથે મધુર વચનથી ભાષણ કરે છે.

નિરોગી રહેવું તે કેવું સારૂં છે કારણ કે નિરોગી ગરીબ સ્ત્રી પણ સુખ પૂર્વક પોતાનો નિર્વાહ ચલાવે છે અને ધનાઢ્ય સ્ત્રી રોગી હોય અને સુંદર મહેલમાં ર-હેતી હોય તો પણ તેના સુખ સાથે આવી શકે નહિ.

તો પ્યારી બ્હેનો ? આરોગ્ય રહેવાનો યત્ન કરો જરા દેખો રોગી થવાથી ઘરવાળાને કેટલા પૈસા વૈદ્ય અથવા ડા-કતરને આપવા પડે છે અને આપણને પણ કેટલું બધું દુઃખ સહન કરવું પડે છે. બાઇ નથી શકિત ઉઠી નથી શકિત તો પછી આરોગ્ય રહેવાના નિયમોને શિખવું તે દ-રેક બહેનોનું કર્તવ્ય છે.

બ્હેનો નિરોગી રહેવાના નિયમોનું યથાર્થ પાલન ક-રવું કે જેનાથી રોગ દુરજ રહે છે તેવા નિયમો નિચે પ્રમાણે પ્રાતઃકાળ પહેલાં ઈશ્વરનું સ્મરણ કરવું અને પ-

થારીમાંથી ઉઠી મળમુત્રનો ત્યાગ કરવો મળમુત્ર, ઉલટી, છીંક, તરશ, નિંદ્રા, વિગેરેને કદાપિ પણ ન રોકવા કારણકે તેને રોકવાથી રોગ ઉત્પન્ન થાય છે તે નીચે પ્રમાણે.

(૧) મુત્રને રોકવાથી પેઢુમાં દરદ થાય છે તેમજ માથાનો દુખાવો અફરો વિગેરે રોગો ઉત્પન્ન થાય છે.

(૨) મલને રોકવાથી પકવાશય તથા માથામાં દરદ થાય છે ઝાડાનું બંધ થવું પિંડલીના હાડકા દુઃખે છે તથા અફરો વિગેરેનો ઉપદ્રવ થાય છે.

(૩) અધોવાત રોકવાથી મુત્ર બંધ થઇ જાય છે આફરો સુસ્તી વેદના તથા પેટમાં બીજા નાના પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે.

(૪) ઉલટીને રોકવાથી ખુજલી પિત્ત અન્ન ઉપર અરૂચિ પાડુંરોગ તેમજ તાવ કોઢ ઉધરસ વિગેરે ઉત્પન્ન થાય છે.

(૫) છીંકને રોકવાથી ગળાની નસો જકડાઈ જાય છે તેમજ શીરશુળ આધાશીશી તથા ઈંદ્રિયોની દુર્બલતા વિગેરે ઉપદ્રવ થાય છે.

(૬) ભુખને રોકવાથી કૃશતા દુર્બલત અંગ મર્ડ અરૂચિ તેમજ ચિતભ્રમ વિગેરે ઉપદ્રવ થાય છે.

(૭) તરશને રોકવાથી કંઠ મોઢામાં કુશકી બાધી જાય છે તેમજ બહેરાપણું ભ્રમ શ્વાસ અને શરીરમાં અગ્નિ ઉઠે છે.

(૮) આંસુને રોકવાથી નેત્ર રોગ હૃદયરોગ તેમજ અન્ન ઉપર અરૂચિ વિગેરે ઉપદ્રવ થાય છે.

(૯) નિદ્રાને રોકવાથીજભાઈ અંગમર્દ તન્દ્રા માથાનો રોગ આંખનું ભારેપણું બેચેન વિગેરે ઉપદ્રવ થાય છે.

(૧૦)સ્વાસને રોકવાથી ગુલ્મરોગ હૃદયરોગ તેમજ મુર્છાનો ઉપદ્રવ થાય છે.

તે કારણથી ઉપર લખેલી દશ વસ્તુને જરા પણ રોકવા નહિ પથારીમાંથી ઉઠતાંજ મળમુત્ર ત્યાગ કરવું ત્યારબાદ તમામ કાર્ય કરવું.

પછી ઘરના ચારે બાજુના બારણા ખુલા મુકવા કે જેથી સ્વચ્છ વાયુનો પ્રવેશ થાય અને શુદ્ધ વાયુના સેવનથી નિરોગ્યતા રહે છે તે માટે હમેશાં યાદ રાખવું કે ઘરની આજુ બાજુની હવા બગડવા ન પામે.

વાયુ ખરાબ થવાના અનેક કારણો છે તેમાંના બે ત્રણ કારણ નીચે લખીએ છીએ.

૧ કોઇ જીવ મરી ગયા પછી સડી જાય છે ત્યારે.

૨ કેળાંની છાલ પડિ રહે છે તેથી

૩ છાણા વિગેરેનો ભુકો ઘર આગળ પડયો રહે છે તેથી ઇત્યાદિ અનેક કારણોથી વાયુ ખરાબ થઈ જાય છે તેમજ જમીનનું નરમ થવું ચીજોનું સડી જવું વિગેરે પણ ખરાબ હવા પેદા કરે છે અને તેવી ખરાબ હવાનું

સેવન કરવાથી આરોગ્યતાને નષ્ટ કરી થોડા દિવસમાંજ પ્રાણ લે છે તે થાટે હમેશાં સ્વચ્છ હવાનું સેવન કરવું જો ઘર ઉપર અગાશી હોય તો સવારે પાંચ વાગે ઉપર જઇ અડધી કલાક હવા ખાવી નહિ તો ખડકીનું બારણું ઉઘાડી નાંખી સાફ હવા લેવી તેવીજ રીતે સાંજે પણ હવા લેવી જોઇએ કપડા બહુ કઠણ નહિ પહેરતાં સેજ પોચાં પહેરવાં જોઇએ.

જ્યારે બેસવું અથવા લખવું ભણવું ત્યારે કડને મુંઝાવીને ન બેસતાં કારણકે હવા અંદર રોકાઇ જાય છે માટે પોચી કરીને બેસવું કારણ કે તેથી આરોગ્યતામાં નુકશાની પહોંચે છે.

સુવાના ઓરડામાં બે બારણા ન હોય તો તેમજ ખાવાની વસ્તુ ને લીધે હવા ખરાબ થઇ જાય છે માટે ખાવાને અને સુવાને ઓરડી જુદી રાખવી.

હવા પારખવાનું એક મોટું સાધન છે કે જ્યારે કોઇ માણસ બહારથી આવે અને તેને દુર્ગંધ આવે તો જાણી લેવું કે ઘરની હવા ખરાબ થઇ છે કારણ કે જે સ્થાનની હવા સારી હશે ત્યાં બીલકુલ દુર્ગંધ નહિ જ આવે તેવી રીતે જાણીને મકાનને સાફ સુફ રાખવામાં અધિક મન રાખવું અને વરસમાં બે વાર મકાનને સાફ કરી ચુનો યા તો સફેદાનો કુચડો મરાવવો અને જો કાચી જમીન હોય તો

માટીથી લીંપી સાફ રાખવું અને જ્યાં નરમ જમીન હોય ત્યાં માટી નંખાવવી તેમજ તેવી જમીનમાં પાણી ઝાઝું ઢોળવું નહિ.

યદી ઘરમાં ગાય વિગેરે રાખો તો તેને બાંધવાની જગ્યા પાકી રાખવી અને સાંજ સવાર તે જગ્યાને ધોઇ સાફ રાખવી કે જેથી કયાંઈ પણ મળસુત્ર ભરાઇ ન રહે અને ફળીયાને પણ સાફ સુફ રાખવું આંખોમાં હિતકારી સુરમો રોજ આંજવો કારણકે તેના આંજવાથી આંખની ખુજલી મલદાહ વિગેરે રોગો દુર રહે છે તેમજ નેત્ર સુંદર રહે છે.

તાવથી પિડિત અને સ્નાન કર્યું હોય રાતનો ઉજાગરો કર્યો હોય. ઉલટી થઈ હોય તો ભોજન કર્યા બાદ સુરમો આંજવો નહિ.

આખા શરીરને પુષ્ટિને માટે તેલનું મર્દન કરવું પરંતુ માથામાં કાન પાસે તેમજ પગે વિશેષ મર્દન કરાવવું સરસવનું તેલ અથવા બીજા સુગંધી તેલ હમેશાં ગુણકારી જ છે કારણકે તેથી હવા, શ્રમ, કફનો નાશ, શાંતિ, બળ, સુખનિંદ્રા, વર્ણકોમળતા, આયુ અને શરીરની પુષ્ટિ થાય છે માથામાં તેલ લગાડવાથી સંપૂર્ણ ઇંદ્રિયોની તૃપ્તિ લાંબી દ્રષ્ટિ તેમજ માથાના દરેક રોગનો નાશ કરે છે તેમજ વાળની વૃદ્ધિ દ્રઢતા કોમળતા દીર્ઘતા વિગેરે થાય છે.

હમેશાં કાનમાં તેલ રેડવાથી કાનના તમામ રોગ નાશ થાય છે તેમજ કાનમાં રસાદિ વસ્તુ છોડવી હોયતો ભોજન પહેલાં છોડવી અને તેલ રેડવું હોય તો સુ-ર્યાસ્ત પછી છોડવું કારણ કે તેમ વિશેષ ફાયદો થાય છે.

પગને તેલ લગાવવાથી થાક દુર થાય છે તેમજ નિંદ્રા તથા આંખની જયોતિને વધારે છે અને પગનું સુજવું પાકવો વિગેરે ઉપદ્રવ દુર થાય છે જો તાવ આ-વતો હોય તેમજ અજીર્ણ હોય તો તેલ મર્દન કદિ પણ કરવું નહિ કારણ કે તેથી સાધ્ય તેમજ અસાધ્ય રોગો ઉત્પન્ન થાય છે તેમજ જુલાબ લીધો હોય અથવા ઉલટી થઇ હોય તો પણ તેલ મર્દન ન કરવું કારણ કે તેનાથી અગ્નિ મંદતાદિ રોગો ઉત્પન્ન થાય છે શરીરમાં ઉપટન કરવાથી કફનો નાશ થાય છે તેમજ ચામડીની કોમળતા અને ઉત્તમતા વધારે છે અને મુખપર લગાડયાથી નેત્રને ફાયદો કરે છે.

સ્નાન કરવાથી અગ્નિ દિપ્તકારક આયુ બળ વિગે-રેને વધારે છે ઠંડા જળ વડે સ્નાન કરવાથી બહારની ગરમી બળી જઇ અંદર જાય છે અને તે દ્વારા ભૂખ લાગે છે અને ગરમ પાણી વડે ન્હાવાથી બળની વૃદ્ધિ અને કફનો નાશ થાય છે તેમજ નેત્રને પણ હરકત પહોંચે છે.

નવા વસ્ત્ર પહેરવાથી યશકારી લક્ષ્મી વધે છે તેમજ ચામડીને હિતકર્તા અને રૂચિને ઉત્પન્ન કરે છે અને જુના લૂગડાં પહેરવાથી જુ ખુજલી ગ્લાની અને દરિદ્રતા આવે છે.

માટે હમેશાં સાવચેત રહેવું અને જ્યારે કોઇ જાતની પીડાના લક્ષણ જોવામાં આવે તો તે વખતે વાર ન લગાડતાં તુરત તેનો બંદોબસ્ત કરવો કારણ રોગની પહેલી અવસ્થામાં દવા ખાવાથી જેમ જલદી સારૂં થાય છે તેમ પાછલથી થતું નથી કેટલીક સ્ત્રીઓને એવી ટેવ હોય છે કે મંદવાડ થયાથી શરમને લીધે બોલતી નથી અને મુંગે મ્હોડે સહન કરે છે તો એના જેવું બીજુ મૂર્ખ કોણ? માટે તેમ કરવું જોઇએ નહિ અને તુરત વૈદને તમામ હકીકત જાહેર કરવી જોઇએ અને વૈદ જે દવા બતાવે તે બરાબર નિયમસર ખાવી.

રાતે દસ વાગે સુવું અને સવારના પહોરમાં ઉઠવું એ તનદુરસ્તીને લાભ કારક છે સવારે મોડે સુધી સુવું અને દિવસે સુવું તેનો ત્યાગ કરવો જોઇએ ઘણું ઉંઘવું ઘણું જાગવું ઘણી મહેનત ઘણું આળસ પણું વિગેરે કારણથી પણ તનદુરસ્તીનો નાશ થાય છે છેવટે વ્હાલી બ્હેનોને યાદ રાખવું કે કાંઇ પણ વધારે કામ કરવું સારૂં નથી વધારે મહેનત કર્યાથી પણ શરીરની સુખાકારીનો નાશ

થાય છે તનદુરસ્તી સંબંધમાં એવો કોઇને ઉપદેશ કરી શકતો નથી જે સર્વને લાગુ પડે. એક માણસને જે લાગુ પડે છે તે બીજાને લાગુ પડતું નથી તેથી પોતાના શરીરનો ભાવ સમજીને ચાલવું તે તનદુરસ્ત સંભાળવાને મોટામાં મોટો ઉપાય છે છેવટમાં શાશા કારણથી તનદુરસ્તીમાં ફરક પડે છે કેવી રીતે ચાલ્યાથી શરીર બળવાન તથા તંદુરસ્ત રહે તે વિષયનું પહેલાં શિક્ષણ મેળવવું જોઇએ. આ પુસ્તકમાં આ વિષયમાં વિસ્તાર પૂર્વક લખવું અસંભવીત છે અમે વાંચનારીઓને ઘણી ધ્યાન પૂર્વક તે સંબંધના પુસ્તકો વાંચવાની ભલામણ કરીએ છીએ.

શરીરનો સંયમ.

(૭)

શરીરનો સંયમ એ છે કે ચાલવામાં હંસ અથવા હાથીની માફક ધીરે ધીરે આખા શરીરને ઢાંકીને ચાલવું એકે ભાગ ખૂલો રહેવા ન પામે તેમજ કોઈ ભયથી અથવા જરૂરના કામ સિવાય ઉતાવળથી ન ચાલવું પગ જોરથી ન મૂકવો તેમજ જ્યાં ત્યાં નજર નાંખીને ન ચાલવું માત્ર ધરતી તરફ ધ્યાન રાખી ચાલવું એજ શરીરનો સંયમછે. અને તેને પાળવાવાળી સતિઓ કહેવાય છે. સતિની રક્ષા

દેવ કરે છે અને ઉભય લોકમાં યશને પ્રાપ્ત કરે છે એવું જાણી કોઇ દિવસ પાપ તરફ ઇચ્છા ન કરતાં નિષ્કપટતાથી પતિની સેવા કરવી કારણ કે આ સંસારમાં જીવવું થોડું છે.

તો માત્ર બુરાઇ તેમજ ભલાઇ રહી જાય છે. ઇંદ્રિયોને માટે ગમે તેવા સુખનો ઉપભોગ કરો પરંતુ તે સુખ ક્ષણવારનું છે કાલે જે ઉત્તમ સુખ ભોગવ્યું હતું તે આજે ક્યાં છે તો પણ ઇચ્છા રહે છે તે ઉપરથી માલૂમ પડે છે કે જે વિષયની ઇચ્છા હોય તે મળી જાય છે તો પણ ઇચ્છા પુરણ થતી નથી.

न जातु काम कामानां उपभोगे न साम्यति
हविषा कृष्ण वत्मेचि भूय एवाभि वर्ध्यते

ભાવાર્થ—જે વસ્તુની મનમાં ઇચ્છા હોય તે વસ્તુના મળવાથી મનને તૃપ્તિ થાય તે કદાપિ પણ ન થાય જેમકે ઘીની ઇચ્છા અગ્નિ કરે છે પરંતુ જ્યારે ઘી મળી જાય છે ત્યારે ઉલટી વધે છે અને વિશેષ ઘીની ઇચ્છા કરે છે તે માટે કોઇ પણ ઇંદ્રિને વશ ન રહેવું એકઃ ઇંદ્રિને વશ થવાથી દુઃખ પડે છે જેવી રીતે માછલી જીભના સ્વાદને માટે જાળના કાંટામાં લાગેલો લોટ તેને લેવા આવે છે પરંતુ ઉલટી પોતે ધીવરના હાથમાં આવી પ્રાણ દે છે કોઇએ ઠીક કહ્યું છે કે—

इन्द्रियाणांतु सर्वेषा मद्यैक अरतीन्द्रियम् ।
तनोक्षरति प्रज्ञाद्र तपोत्रदि वोयकम् ॥

ભાવાર્થ—બધી ઇંદ્રિયોમાંથી એક ઇંદ્રિ આપણા વિષયમાં લાગી રહે છે તો બુદ્ધિ જાય છે જેવી રીતે મસકમાં એક કાણું હોય તો ધીરે ધીરે બધું પાણી જતું રહે છે માટે કોઇ પણ ઇંદ્રિને વશ ન થવું અને ઇંદ્રિઓને જીતી ધર્મના માર્ગપર ચાલી સમયને પરોપકાર વૃત્તિમાંજ ગુમાવવો તેથીજ ભલાઇ છે. કુમાર્ગી તેમજ કુલક્ષણી સ્રીઓને દેખીને તેનાથી દુર રહેવું જે સ્રીઓ દર્પણમાં હમેશાં દિવસ અને રાત જોઇ પોતાની શોભા વધારે અને તેમાંજ પોતાનો સર્વસ્વ વખત ગુમાવે અને પોતાના સ્વરૂપનું અભિમાન રાખે અનેરસ્તામાં ચાલતાં પણ પોતાના સ્વરૂપનુંજ અવલોકન કર્યાજ કરે અને ઘરેણાં ન હોય તો ખોટાં ઘરેણા પહેરીને પણ ઠાઠ મારે વિગેરે ઉપર ઉપરથી ખોટા ડોળ કરે તેવી કુલક્ષણી સ્રીઓ જાણવી. તેની કદાપિ સોબત કરવી નહિ કારણ કે સોબતે અસર–સોબત તેવીજ અસર થાય છે. માટે સદા સદ્‌ગુણીનીજ સોબત કરવી.

સુઘડતાઇ.

(૮)

સ્ત્રીઓને આ ગુણની ખાસ જરૂર છે કારણ કે તેના વિના કોઈ સન્માન કરતું નથી કેમ કે તે એતો નથી જાણતી કે કોની સાથે કેવો વર્તાવ કરવો જોઇએ. તો જ્યારે નથી જાણતી તો આવનાર ધણીનું અપમાન થઇ જાય છે તેથી સુઘડતાઈ રાખવી જોઇએ જેની પાસેથી આપણે માન પામવાની ઇચ્છા હોય, તેની સાથે બહુ વાતો ન કરવી માત્ર જરૂરની એ વાતો કરી લેવી તેમાં વળી ઉતાવળથી ન બોલવું ધીરેથી ગંભીર તેમજ સ્થીર ભાવથી વાતો કરવી અને તેમાં યાદ રાખવું કે ચંચલતા તેમજ હાસ્ય કદી પણ ન કરવું કારણ કે તેથી હાનિ થાય છે યદિ આપણી સામે આપણાથી નાનું કોઇ હસે અથવા મશ્કરી કરે તો તેને શીખામણ દેવી સમજાવવી અથવા તેનાથી નમાને તો તાડના કરવી અને તે વખતે ચુપ થઇ ઉભુ ન થઈ રહેવું કેટલીક સ્ત્રીઓનો તો એવો સ્વભાવ હોય છે કે તેની સામે મશ્કરી કરે તો તે ગણકારે નહિ પણ બ્હેનો તેથી ઉતરોત્તર હાનિ છે માટે તેમ ન કરવું સુઘડતાઇએ તમારૂં સૌન્દર્ય છે માટે સદા તે શીખવું જોઇએ.

હમેશાં બે ઘડી રાત્રી રહે ત્યારે ઉઠવું અને ઇશ્વરનું

સ્મરણ કરવું મળમૂત્ર ત્યાગવું તેમજ ઘરને સાફસુફ કરી ચોખું રાખવું ઘરમાં જાળા તેમેજ કરોળીઆના ઘર વિગેરે રહેવા ન પામે જો પોતાનું (કાચું) માટીનું ઘર હોય તો પાંચ પાંચ દિવસે લિંપીચુંપીને સાફ રાખવું અને પાકું હોય તો સ્વચ્છ પાણીથી ધોઈ નાંખવું. જેથી સાફ હવા રહે અને આંગણું પણ સાફ રાખવું ક્યાંઇ પાણી ભરાઇ ન રહે કારણ કે તેનાથી વાયુ બગડી જાય છે અને અનેક પ્રકારના રોગ ઉત્પન્ન કરે છે માટે હમેશાં ઘરને સાફ રાખવું ત્યારબાદ સ્નાન કરવું અને મોટા કપડાથી શરીર સાફ કરવું ત્યારબાદ બીજું વસ્ત્ર પહેરવું અને કોઇ દીવસ ભીના કપડાં પહેરવાં નહિ કારણ કે તેથી સરદી થઇ જાય છે અને વાળને આઠ આઠ દિવસે આમળા ઈત્યાદી તેલથી સાફ કરવા સ્નાન કરવામાં બહુવાર ન લગાડવી અને નિ-રોગી ન હોય તો ગરમ પાણીએ સ્નાન કરવું નહિ તો ઠંડુ પાણી બહુજ ફાયદાકારક છે.

બહેનો જે કુવડ હોય છે તે પતિના સારા કાર્યોને તેમજ ધનને બગાડે છે અને જે સુઘડ હોય છે તે પતિના થોડા ધનથી સારી રીતે નિભાવ ચલાવે છે એટલુંજ નહિ પરંતુ ખરાબ રસ્તે પણ વાપરતી નથી.

હે બહેનો ધન એ શ્રેષ્ઠ વસ્તુ છે અને તેનાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે અર્થાત પાઠશાલા ઔષધશાલા બાળા-

શ્રમ અનાથાશ્રમ વિગેરેનું પાલન પોષણ થઇ શકે છે તે કારણને લીધે પોતાની સુઘડતાઈથી જે ધન બચે તે સારા માર્ગે વાપરવું કે જેથી પતિની અને પોતાની કીર્તી વધે.

તેમજ આજકાલ ઘણીખરી સ્ત્રીઓ ઘરેણાને માટે પતિની સાથે લડાઇ કરે છે ચાહે પતિ દુખી હોય યા તો શોકમાં ડુબતો હોય પરંતુ ઘરેણાની આગળ પતિની કાંઈ પણ સારવાર કરતી નથી તેમજ દુઃખની સાથી પણ થતી નથી. તેવી સ્ત્રીઓ ધિક્કારને લાયક છે ધન્ય છે એવી સ્ત્રીઓને કે જે નિચેના ઉદાહરણમાં આપેલી છે તેને એક વણીક વેપાર દ્વારા ઘણુંજ સુખ અને આનંદ અનુભવતો હતો તેના લગ્ન થઇ ગયાં હતાં પરંતુ લગ્ન થયા બાદ થોડા દિવસ પછી કેકલાએક રૂપિઆની ખોટ આવી પડી અને તેથી તે નિર્ધન અવસ્થામાં આવી પડયો પરંતુ લજ્જાથી તે વાત પોતાની સ્ત્રીપાસે કહી શકયો નહિ અને આહાર નિદ્રા વિગેરેનો ત્યાગકરી છેક દુર્બલ અવસ્થામાં આવી પડયો હતો એક દિવસે તેની સ્ત્રીએ તેનું મલીન મુખ તથા શરીરની આવી દશા જોઇને તેનું કારણ વિનયથી મધુર વચન દ્વારા પુછયું પરન્તુ પ્રથમતો લજ્જાથી તે કાંઈ બોલ્યો નહિ પણ સ્ત્રીના વિશેષ આગ્રહથી તેણે બધી હકીકત સંભળાવી ત્યારે સ્ત્રી મધુર વચનથી બોલી પ્રાણનાથ આપનું આ સુંદર મુખ ચિંતા કરવાનું નથી માટે ચિંતાને ત્યાગી ધીરજ ધરો કારણકે

ધીરજના ફળ મીઠા છે. મોટા મોટા ઉપર પણ વિપદ આવી પડે છે તો હે પ્રાણેશ મારા મનમાં એમ વિચાર થાય છે કે મારા જે આભૂષણ છે તેને વેચીને નોકરોને પગાર ચુકવી દયો અને બીજા રૂપિઆ લેણદારને આપી નિશ્ચિંત થાઓ અને એમ કરવાથીજ આપણી આબરૂ સારી રહેશે એમ કહી શરીર ઉપરથી તમામ ઘરેણા ઉતારી પોતાના સ્વામીનાથના ખોળામાં નાંખ્યા તે વખતે તેના પતિનું હૃદય વિશેષ શોક સાગરમાં ડુબાવા લાગ્યું અને દીર્ઘશ્વાસ મૂકીને કહેવા લાગ્યો હે પ્રિયા? શું મને ઉચિત છે કે હું તને આભૂષણ ન પહેરાવી શકયો અને ઉલટું તું તારા પીતાને ત્યાંથી લાવી તે પણ વેચી નાંખુ તેમારાથી નહિ બની શકે? સ્રીએ હાથ જોડીને કહ્યું હે પ્રાણેશ? હું તથા ઘરેણાં આપનાજ છીએ. મારે તો ઘરેણું તેમજ આભૂષણ માત્ર આપજ છો આપ સુખી તો આ દાસીની શોભા છે અને આપ પ્રસન્ન હશો તો દાસીને પાછું નવું ઘરણું થશે માટે ચિંતાને ત્યાગી ઘરેણાને વેચી દેવું હોય તે આપી દયો અને જે બચે તેનો માલ લઈ દુકાનમાં નાખી વેપાર ચલાવો કે જેથી દુઃખી દીવસ દુર થાય.

એવું સાંભળી પતિએ લાચારીથી અને સ્રિના અત્યાગ્રહથી તેમ કર્યું તે સ્રી એક ધનાઢયની પુત્રી હોવા છતાં પોતાના પતિ સાથે કષ્ટ સહન કરી સહાયતા

દેતી રહી ઇશ્વર કૃપાથી થોડા દિવસમાં પાછું સારૂં થયું બહેનો તમારે ખુબ વિચારવું જોઇએ અને ઉપરોક્ત સ્ત્રીના જેવાજ સદ્ગુણો ધારણ કરવા અને ઘરેણાં કાંઇ કામના નથી સદ્ગુણ એજ શરીરનું પરમ ભૂષણ છે અને શિયળ એ અંગનું શ્રેષ્ઠ ભૂષણ છે માટે સદા નિતિથી રહી પતિને પ્રભુ તુલ્ય માની સદા તે સુખી થાય તેવા કાર્યો કરવા કે જેથી ઉભય કુળમાં લાજ રહે.

કેળવણીની જરૂર.

(૯)

નાના બાળકથી તે વૃદ્ધવયના માણસો પણ કહી શકશેકે આ દુનિયાનો ઉદ્ધાર અને મંડાણ સ્ત્રી થકીજ છે દરિયા માંહે જેમ વહાણ ચલાવવાને ખલાસી કુશળ હોય છે ત્યારેજ વહાણ આ પારથી પેલે પાર જઇ શકે છે તેમજ રાજ્ય કારભાર ચલાવવાને પંડિત પ્રધાનની જરૂર છે તો પછી મહાવિકટ એવો જે આ સંશાર તેને ચલાવવાને કેળવણી પામેલી સ્ત્રીઓની ખાસ જરૂર છે જ્યાં સુધી કેળવાએલી માતા નહિ હોય ત્યાં સુધી ઉછરતી પ્રજા ચપળ થઇ શકે એ બનવા જોગ કેમ હોય અનેજો માતા જાણતી હશે તો તે પોનાના બાળકને સહેલાઇથી નાનપણમાંજ કેળવણીના સંસ્કાર ઠસાવી દેશે જોકે મનની કે-

ળવણી સંપાદન કરવાને બાળકને શાળાની જરૂર પડે છે પરંતુ તનની કેળવણી આપવાને તો ખાસ કેળવાએલી માતાની જરૂર છે એક અભણ માતા બાલકને શું સુધારી શકે ! હા ! જેવા દુર્ગોણો પોતામાં હોય તેવા શીખવી શકશે તો અલબત બચ્ચાનું રક્ષણ અને પોષણ કરવાને તો અનાથ પશુ પક્ષીઓ પણ બાહોશ હોય છે.

પરંતુ મનુષ્ય જાત તેથી ચડતી પંકિતના છે તોતે પ્રમાણે ઉતમ પ્રકારે કાં માતા પોતે કેલવણી લઇને પોતાના બાળકને ન સુધારે એક કેળવણી વાલી માતા આ દુનિયાની વિચિત્ર પ્રજાને કેવી ઉપીયોગી છે.

નાનપણથી મળેલી માતાની તાલીમથી પુત્ર યા પુત્રી કેટલો બધો ઉપકાર કરી શકે છે તેમજ વિદ્વાન અને અનુભવી માતા પોતાની પ્રજાના હિતને માટે તેને કેટલી જાતનો બોધ આપી શકે વારૂ એ જાણવું બહુ કઠિન નથી કેમકે આપણે સહજ અનુભવિયા જોઈ શકીએ છીએ કે કેળવાએલી સ્ત્રીથી આ સંસાર સુખ મય છે અને અભણ સ્ત્રીઓનો સંસાર કદી પણ સુખ મય છે નહિ અને જ્યારે દુઃખ મય છે તો પછી સુખ મેળવવાનો પ્રયત્ન કરવો એ દરેક સ્ત્રીઓનું કર્તવ્ય છે આપણી સ્ત્રીઓ કેળવણીથી અત્યંત પછાત છે તેનું કારણ ઘણા સાદા અને જુના રિવાજના ગૃહસ્થો સ્ત્રી કેળવણીથી વિરૂદ્ધ જાય છે તેમજ આજ્ઞાની અને અણઘણ

પુરૂષો કહે છે કે સ્ત્રીઓને ભણાવવાથી ઘરમાં દારિદ્ર પેસે છે બરકત હઠે છે ઘર ઉઠી જાય છે સંસાર ધૂળ મળી જાય છે તેમજ વ્યભિચારિણી થઇ જાય છે. અલબત તે સત્ય છે આજકાલ તેમજ જોવામાં આવે છે કે ભણી એટલે સુધરેલી થઈ પરંતુ પાઠકગણ ? તેમાં અપૂર્ણતાનો દોષ છે કારણ તેને પૂર્ણ જ્ઞાન મળી શકતું નથી અમે એમ કહેવા નથી માગતાં કે સ્ત્રીઓને બી૦ એ૦ માં પાસ કરાવો યાતો મીડ વાઈફ બનાવો પરંતુ અમારૂં કહેવું તો શાસ્ત્ર યુક્ત છે કે સ્ત્રીઓને એવી કેલવણી મળવી જોઇએ કે જેથી ધર્મમાં દૃઢ થાય નિતીવાન થાય તેમજ સત્ય પતિવ્રતા થાય તેવી કેળવણી આપવી માત્ર એક બે ગુજરાતી ભણાવી એ ટલે એમ સમજવું કે અમે સ્ત્રીને કેળવણી આપીએ છીએ નહિ તેને કેળવણી એવી સ્હેલાઇથી આપવી જોઇએ કે વ્યવહારિક અને ધાર્મિક બંને સાથે મળી શકે તેવો પઠનક્રમ ચલાવવો જોઇએ અને પછી જે કેળવણીથી ખોટા વિચાર કરશે તો સમજવું કે આપણા દેશની દશા કદિ સુધરશે નહિ.

કારણકે આ જમાનો એવો છે કે આજકાલના જુવાનીઆ સ્ત્રીઓને વશ થઈ સ્ત્રીશા જે રસ્તે લઈ જવા ધારે તે રસ્તે જાય છે તો જો આ વખતે સ્ત્રી કેળવાએલી હશે તો તેને સારે માર્ગે લઈ શકશે સ્ત્રીઓને જો ખરી કેળવણી

મળી હોય તો શું આ દુનિયા અને સંસાર સુખ મય ન થાય અલબત આજકાલના અપૂર્ણ ભુલના કરનારા બંધુ " મીયાં ભાઈના નાડા " એ ન્યાયની પેઠે એકજ મતપર પ્રસરે કે આગળ ઉપર શું આપણામાં સ્ત્રી કેળવણી અપાતી હતી તેમ તેનું માનવું ભૂલ ભરેલું છે અને તેમ માનવાવાલાને અમો બે ધડક જવાબ આપીશું કે સતિ દમયંતિ સતિ સીતા, તારા મતી, તેઓ ભણેલી હતી કે નહિ તો તેના જવાબમાં તેને હા પાડવી જ પડશે તેમજ સતિ સુલસા કે પોતે કેળવાયેલી હતી અને ધર્મના તત્વો શું છે તે સારી રીતે જાણતી હતી જ્યારે તેના બત્રીશ પુત્રો લડાઈમાં મરણ પામ્યાં હતાં ત્યારે જોકે તેણે મોહદશાથી વિલાપ કર્યો હતો પરંતુ તુરત સત્યોપદેશ મલવાથી તેણે વિલાપ છોડી દિધો. હતો અને અંતે મોક્ષ સુખને પામી હતી અને આજ આઢપણમાં જો કોઈનો એક પુત્ર મરણ પામ્યો હોય તો શાસ્ત્રથી વિરૂદ્ધ પગલું ભરી અનેક કર્મ ઉપાર્જન કરે તેનું કારણ કેળવણી બીલકુલ નહિ વિગેરે વિગેરે દાખલા અનેક છે તો એવો નાદાન પક્ષ બાંધીને આપણે આપણા સંસારને અજ્ઞાન રાખવો. એ ડહાપણ ભરેલું નહિ પણ જોખમ ભરેલું છે.

જો સ્ત્રીઓને પ્રાચિન રિતિ રિવાજને અનુસરી શીક્ષણ આપવાણાં આવે તો આપણો સંસાર અંગ્રેજોના સં-

સારથી સેંકડો દરજ્જે વધુ સુખમય બની શકે આજકા-લની કન્યાશાળાંઓમાં જે કેળવણી આપવામાં આવે છે તેમાં પ્રાચીન રિતિ રિવાજો ધર્મ બોધ તેમજ સંસારિક બાબતો મગજમાં ઠસાવવામાં આવે તોજ સંસાર સુધરી શકે

સ્રીઓને જે શીક્ષણ આપવામાં આવે છે તે તેની સંતતિને અવશ્ય અસર થાય છે જો કે તે બાલકને માતા તરીકે શીક્ષણ આપે છે તે પહેલાં બાળક જ્યારે ગર્ભમાં હોય છે ત્યારે પણ સ્રીના મનમાં શુદ્ધાશુદ્ધ વિચાર યોગ્ય શક્તિ અને શિક્ષણ બાળકના મગજમાં ઠસી જાય છે તો સ્ત્રી કેળવણીની ખાસ જરૂર છે કારણ કે ગર્ભમાં બાલક તિક્ષણ બુદ્ધિવાલો હોય છે તો કેળવણી મલ્યા પછી ઘડા ચેલી તરવાર સજાવવાનીજ વાર રહે.

બાળકીઓને જો અપુર્ણ કેળવણી મળે એટલે કે માત્ર બે ત્રણ ગુજરાતી ચોપડીનું સાધન થયા પછી આઠ નવ કે દસ વરસની ઉમરમાં બાળલગ્ન કરવાના લોભમાં માબાપો શિક્ષણ બંધ કરે તો અલ્પજ્ઞાન અને અતિ હાણુ થાય.

આવા કંગાળ શિક્ષણમાં એ ભવિષ્યની માતા પોતા-ના નિર્દોષ બાળકોને શું તાલીમ આપે તેમજ તે બાળલ-ગ્ન કરેલી કન્યાના બાળકો પછી શું સુધરી શકે હજુ બ નેના પરિપકવ વિર્ય થયા વિના અજ્ઞાનિઓ અલ્પ બુદ્ધિવાળા

માબાપો પરણાવે છે તેથી ઉતરોત્તર વિર્યમાં હાની છે અને તેથી સંતતિ પણ નિર્માલ્ય થાય છે ખાસ શાસ્ત્રમાં કહેલું છે કે વીસ વર્ષનો પુરૂષ અને તેર વરસની કન્યા પરંતુ આતો હવે ઉલટુજ જોવામાં આવે છે કે તેર વરસનો પુરૂષ અને વીસ વરસની સ્ત્રી તો પછી તે શું સુધરે દાખલા તરીકે ઇંગ્રેજ લોકો જ્યારે ભણી ઉતરી પોતાની મેળે શીખે છે ત્યારેજ લગ્ન કરે છે તો તેથી તેને જે ફાયદો થાય છે તે આપણે નજરે જોઇએ છીએ એવી અપૂર્ણ જ્ઞાનવાળી બાળા પોતાના ધર્મનું રહસ્ય શું જાણી શકે અને જ્યારે રહસ્ય ન જાણી શકે ત્યારે ઉલટું ધર્મ કરવા જાય ત્યાં કર્મ બાંધીનેજ આવે આપણા દેશમાં સ્ત્રીઓ ધર્મ સ્થાનકે જાય છે ત્યારે ચાર પાંચ મળીનેજ જાય છે અને પછી જેની તેની નિંદા વિગેરે કરવાનો વખત ત્યાંજ મલે અને જો ધર્મની યાતો નીતિની વાતો કરે તો ઠીક પરંતુ ગામની સાચી ખોટી વાતો કરી જડમૂળ ખોદી નાંગે કહેવત છે કે "ચાર મળ્યો ચોટલો તો એકનો ભાંગે ઓટલો" આહા શું અનર્થ તેનુ મુળ કારણ શોધીશું તો માત્ર કેળવણીનો અભાવ જો કેળવણી હોત તો ધર્મસ્થાનક એટલે શું તેનો અર્થ સમજત અને અનર્થક વાતો નહિ કરત માટે સ્ત્રી શીક્ષણની ખાસ અવલ નંબર જરૂર છે અને જો સ્ત્રી સુશિક્ષિત હોય તો તેના બાળકો ગર્ભમાંથીજ સારા અવતરી શકે ચિકિ-

ત્સીક બુદ્ધિમાન અને ભાગ્યશાલી બાળકો થવાનું મૂળ કારણ માતાજ છે આ વિશે આપણે ઘણા દાખલા મેળવી શકીશું શુભદ્રાના ઉદરમાં જ્યારે અભિમન્યુનો ગર્ભ હતો. અને તેણે તે વખતે જે કળા સાંભળી હતી અને તે સમયે તેને જે જે અંકુશ ઉત્પન્ન થયા હતા તે સર્વ અભિમન્યુના મગજમાં વાસ કરી રહ્યા હતા. વળી ઓનરેબલ એસ ફાઉલરે પોતાના (Live and Parentage) નામના પુસ્તકમાં લખ્યું છે કે પ્રસિદ્ધ ગણીતવિદ્ નાર કોલવારન્ટ જ્યારે ગર્ભમાં હતો ત્યારે તેની માને રાત્રે ઉઠીને કેટલાક હિસાબ ગણવા પડતાં તેથી તેનો પુત્ર ગણીત વિદ્વાન થયો હતો ને બેસ્ટના એક પ્રખ્યાત વકિલના ઓરડામાં નેપોલિયન બોનાપાર્ટના ચિત્ર છે. તેથી તેની માતા લડાઇનું વર્ણન વાંચવામાં ઘણોજ પ્રેમ દેખાડતી તેથી તેના બાળકને વકીલ અવસ્થામાં લડાઈની ઇચ્છા પ્રબળ થઈ હતી મીસીસ પેન્ડલ વિશે એમ કહે છે કે તેણીએ પોતાના પાંચમી વખતના ગર્ભ વખતે વિદ્યા ચર્ચામાં મન લગાડયું હતું તેમજ સાહિત્યમાં અને વિજ્ઞાનના ભાષણો સાંભળવામાં વખત રોકતી હતી તેથી તેનો પુત્ર તેવોજ વિદ્વાન થયો. તેથી ડાકતર ફાઉલર પોતાના (લવ એન્ડ પેરન્ટેજ એપ્લાઈડ ટુ ધી ઈમ્પ્રુવમેન્ટ ઓફ સ્પ્રીંગ્સ) નામના પુસ્તકમાં લખે છે કે ગર્ભ સંચાર થવાની સાથે માતા મન સ્વભા-

વનો ભાગ બાળકોને આપી શકે છે અને જો અભણ માતા હોય તો તેનું બાળક આળસુ અને મૂર્ખ થાય છે તો આ માટેજ સ્ત્રી કેળવણીની જરૂર છે તેમજ કહેવત છે કે " મા તેવી દીકરી " માટે સ્ત્રીને કેળવણી આપવી તે અગત્યની છે કારણ કે સ્ત્રી પુરૂષ એ સંસાર રૂપી રથના બે પૈડા છે તો બંને પૈડાં જો સરખાં અને સારાં હશે તોજ રથચાલી શકશે તેમ જો પુરૂષ વિદ્વાન હશે અને સ્ત્રી અભણ હશે તો તેનો સંસાર કદી પણ સુખ પૂર્વક ચાલી શકવાનો નથી તેમજ સ્ત્રીએ અર્ધાંગના છે તો આપણે આપણા અડધા શરીરને અલંકૃત કરિશું તો કેવું ખરાબ લાગશે અને લોકો મશ્કરી કરશે માટે બન્ને અંગને સરખા રાખવાં જોઇએ. તે ઉપર કહ્યું છે કે-

अर्द्धंभार्या मनुष्यस्यभार्या श्रेष्ठतमः
सरखाभार्या मूलंत्रिवर्गस्यभार्या मूलंतरिष्यतः

અર્થાતઃ—ભાર્યા મનુષ્યનું અર્ધાંગના છે ભાર્યા શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ મીત્ર છે ભાર્યા ત્રણ વર્ગનું (એટલે ધર્મ અર્થ અને કામનું) મૂળ છે ભાર્યા નરનારનું મુળ છે (એટલે આ સંસારમાં સુખ ભોગવવાનું મુળ સાધન છે.

સુંદરી સૌન્દર્ય.

સુંદરી સુબોધક.

ગરબા.

૧

(રઘુપતિરામ હૃદયમાં રહેજોરે એ રાગ.)

સતિ સુણો પ્રેમથી શીખ સારીરે હિત શીક્ષણની બલીહારીરે.
મ્હેની વાતો ન કરીએ વાટેરે, કોની હાંસી ન કરીએ ઘાટેરે;
સારી શિક્ષા છે તુંજ માટે. સતિ ૧.
નિંદા પરની નવી કીજેરે, ખોટું આળ કલંક ન દીજેરે;
પરઘર ભમતાં ન ભમીજે. સતિ ૨.
પતિ નીંદા કરે જે નારીરે, અપજસની તે અધિકારીરે;
થાય અંતે દુખીયારી. સતિ ૩.
વેણ કડવાં ન વદિયે વાણીરે, સુણીએ પ્રભુ કેરી વાણીરે;
પરમારથ દિલમાં આણી. સતિ ૪.
વાત વાતમાં લડવું ન સારૂંરે, રોવું કોટવું તે નઠારૂંરે;
લાગે કુવડ નારીને પ્યારૂં. સતિ ૫.
ભણવું ગણવું સુખકારીરે, પ્રભુ નામ તે મંગલકારીરે;
પરપુરૂષ ન દેખોધારી. સતિ ૬.
કોઇ સાથે ન કરીએ વેરરે, નીતિથી રહીએ નિજ ઘેરરે;
બુદ્ધિ સાગર શિવ સુખ લ્હેર. સતિ ૭.

છોકરીઓને ગાવાની ગરબી.

૨

(સાજની સાજની સાજનીરે એ રાગ)

હારમાં હારમાં હારમાંરે,
આયુ ખુટી જાય જીવ હારમાં.
ચારના ચારના ચારનારે,
બહેની પડિશ નહિ ખ્યારમાં. આયુ ૧.
દેવ ગુરૂ તણા ગુણ નવી ગાતી,
લોભાય વિષય વિકારમાંરે. આયુ ૨.
સંસારે સુખ સ્વપ્ના જેવું,
આવે જાય ક્ષણ વારમાંરે. આયુ ૩.
મળ મુતરને માંસ રૂધિર છે,
કાયા તણા કોઠારમાંરે. આયુ ૪.
મમતા તેની દીલ ધરીને,
પાપ કરે તું કારમાંરે. આયુ ૫
પુન્યથી સુખને પાપથી દુઃખો,
ધર્મ હૃદયમાંથી વિસારમાંરે. આયુ ૬
વિતરાગની આજ્ઞા તોડી,
ભટકીશ આ સંસારમાંરે. આયુ ૭.
ધુમાડાના બાચક સરખું,
સગપણ સાચું ધારમાંરે. આયુ ૮.

દેવગુરૂને નીશદીન ભજીએ,
સદા સ્વરૂપ આધારમાંરે. આયુ ૯.
બુદ્ધિસાગર શીવ સુખ પામે,
નરભવના અવતારમાંરે. આયુ ૧૦.

૩

(પાણી ભરવાને ગઇતીરે સાહેલીની સંગે.—એ રાગ.)
આવો આવો સાહેલીરે, કે જીનવર જોવાને;
ગાઓ ગુણીયલ ગરબીરે, કે અઘમલ ધોવાને. આવો.

સાખી.

અશરણ: શરણ સુહંકરો, સુરેંદ્ર શીરદાર;
શિયળ નવવાડોસજી, ભજીએ વારંવાર.
શીલરત્ન સુઅલંકાર, સજની સજીએરે;
આદિનાથ અચળ આધાર, અંગના ભજીએરે. આવો.

સાખી.

નર નપુંસક પસુ સ્થાનકો, નિશ્ચે છંડો નાર,
એકો એક નરસાથે રહી, વાત ન કરો લગાર;
સ્થાન સંસર્ગથી થાએ, શરીર સહુ વિકારીરે,
શીલે દુષણ લાવે નેહ, માટે તજો સન્નારી. આવો.

સાખી

ત્રણ પહોર પછી પોઢવું, પુરૂષાસનપર પ્રાણ,
અંગો પાંગન નીરખવું, મારી નેનના બાણ;

કામ કુટિલનાં એ મૂળ મુળગાં ભાંગીએ,
શીર જાએ તોયે શું થાય, વ્રત ન ત્યાગીએ. આવો.

સાખી.

વર વનિતા વાતો કરે, વિનોદની જે સ્થાન,
ભીંતના આંતરે ઉભા રહી, સુણવી ન ધરી કાન.
પૂર્વે કીધેલા ભોગોપભોગ નવ સંભાળો રે,
પ્રિતિ સંસ્કાર સ્ફુરતાંરે, ઉઠે કામ ઝાળોરે. આવો.

સાખી.

સરસ સ્નિગ્ધ ભોજન કદી, જમવું નહિ સુણનાર,
નિરસ અધિર આહાર તેમ, લેવો નહિ નિરધાર;
પહેરી વસ્ત્ર ભુષણ, શોભા શરીરે ન કીજીએ,
નવવાડો પાળી પ્રિયનાર, શીવ સુખ લીજીએ. આવો.

સાખી.

વિષયાંધિ વરણાગીયા, વ્યભિચારી વર ધૂત;
ગરબા જોવા નિસરે, ભમતાં શેરી ભૂત.
નેનેનેનન ન્હાળીએરે, કદિ એવા દુરિજનને;
તજો વિષય વિષ્ટા ખાનાર, ખાંતે હરિજનને. આવો.

સાખી.

સદ્‌ગુરૂ સતસંગ ધારીએ, સુંદરિ સુઘડનાર,
શિયળ સદ્‌ગુણ સાંપડે નિશ્ચે જાણો નાર:
નર વિકથા નિતંબીની કદી ન કીજીએ,
કહે સેવક સમકીતસંગે શીવ પદ લીજીએ. આવો.

૪

(આવોરે આવો પાર્શ્વજી મુજ મળી આરે—એ રાગ.)

આવોરે આવો બ્હેનડી મુજ પ્યારી રે,
તમને કહું હું વાતડી સારી. આવો.
મારા મનમાં એક વાતડી ભાવીરે,
મને ગુરૂએ સંભલાવી રે,
તે તો મુંજ હૈડે બહુ ભાવી. આવો.
બ્હેની શ્રેષ્ઠ છે એ શ્રૃંગાર રે,
તેથી શીવપુર સ્હેજ જવાય રે;
તે તો શીયલભૂષણ કહેવાય. આવો.
સતિ સીતાને સુભદ્રારે,
વળી રાજુલ નેમની નારીરે;
ગઇ તેનાથી શીવપુરમાંહિ. આવો.
પરપુરૂષ ન દેખીએ બ્હેનેરે,
કોઇ સાથે ન કરીએ વેરરે;
વળી નીતિથી રહીએ હમેશ. આવો.
નીંદા કોઇની નવી કરીએરે,
શુભ ધ્યાનમાં હે સદા રહીએરે,
પતિ ચાહે તેવા કામો કરિએ. આવો.
સાસુ સસરાની નિત્યે વાણીરે,
ધરિએ નિજ ચીતમાંહે શાણીરે,

કહ્યું તેનું હમેશાં કરીએ. આવો.
મહુવાકરની જો આ શીખરે,
શાણી દંપતી ધરશે ઉરરે;
તો તો શીવ સુખ લેશે જરૂર. આવો.

૫

(રસીયા આવજોરે રાતે એ રાગ)

સદ્દગુરૂ ઉપદેશ આપે, પાપીના પાપોને કાપે;
બ્હેની પ્યારીરે. ૧
હીંસા જીવનીરે ન કરીએ, પરદુઃખ દેખી હર્ષ ન ધરીએ;
બ્હેની પ્યારીરે ૨
ચાડી ચુગલીરે તજીએ, સત્યા ભુષણ કંઠે સજીએ;
બ્હેની પ્યારીરે. ૩
ક્રોધે કુડુંરે ન ભાખો, સત્ય વદિ કુલવી નીજ રાખો;
બ્હેની પ્યારીરે. ૪
પરધન પેખીને ન લીજે, ચોરી પરની કહો કેમ કીજે;
બ્હેની પ્યારીરે. ૫
પર પુરૂષથીરે ન હસીએ, નિંદા થાય તિહાં નવ વસીએ;
બ્હેની પ્યારીરે. ૬
રાત્રી પડતાંરે ન ખાવું, જો હોવે શીવપુરમાં જાવું;
બ્હેની પ્યારીરે. ૭
ચોટે ચાલતાં ન હસીએ, કજીઓ થાય તીહાંથી ખસીએ;

મ્હેની પ્યારીરે. ૮
જીન મંદિરમાંરે જઇએ, દેવને વંદિ પાવન થઇએ;
મ્હેની પ્યારીરે. ૯
ક્રોધ કપટનેરે છંડો, ધર્મ કર્મમાં નીશદીન મંડો;
મ્હેની પ્યારીરે. ૧૦
વદીએ સદ્‌ગુરૂને નમીએ, ચારગતિમાં કહો કેમ ભમીએ;
મ્હેની પ્યારીરે. ૧૧
શ્રદ્ધા ધર્મનીરે, ધરીએ કંદમુળ બોળો પરીહરિએ;
મ્હેની પ્યારીરે. ૧૨
કાયા કારમી છે કાચી, તેમાં મમતા કરીશું રાચી ?
મ્હેની પ્યારીરે. ૧૩
તન ધન યોવન ખોટું, સત્ય નામ પરમાતમ મોટું;
મ્હેની પ્યારીરે. ૧૪
ધર્મજ કરજોરે ભાવે, બુદ્ધિસાગર શીવ સુખ પાવે;
મ્હેની પ્યારીરે. ૧૫

છોકરીઓને સારા પ્રસંગે ગાવાની ગરબી.

(રસીયા આવજોરે રાતે એ રાગ.)

મ્હેની સુણજોરે મારી, હેત શીખામણ એક છે સારી મ્હેની.
ધનથી મોટાઇ ધારે તે શું આતમકાજ સુધારે મ્હેની. ૨
ભણીએ ગણીએ ભાવે, જેથી મુર્ખાઇ દુર જાવે. મ્હેની. ૩
ઉત્તમ કેળવણી લીજે મુખથી મીઠા વચન વદીજે મ્હેની. ૪

ચાડી ચોરીને નજ કરીએ સદગુણ માળા હૃદયે ધરીએ બ્હેની. ૫
સાસુ સસરાનું માન ક્રોધે નવીકરીએ અપમાન બ્હેની. ૬
કરજ કરીનેરે ભારી આભુષણ પહેરો નહી નારી બ્હેની. ૭
પર પુરૂષનીરે સાથે હસીએ નહિ મળી હાથોહાથે બ્હેની. ૮
પાપ મલિનતારે તજીએ નવરાં બેઠાં પ્રભુને ભજીએ બ્હેની. ૯
જીવ જંતુનેરે જોઇ દળવું ખાંડવું કીજે રસોઇ બ્હેની, ૧૦
માત પીતાનેરે નમીએ પરઘર નવરાં કહો કીમ ભમીએ બ. ૧૧
રડવું રોવુંરે ત્યાગો ગુરૂવંદી સદગુણને માગો. બ્હેની. ૧૨
બુજ નિતિથીરે ચાલો બુદ્ધિસાગર સુખમાં માલો બ્હેની. ૧૩

ફટાણા નિષેધક ગાયન.

૭

(સખીઓ નીજનીજ નીતિ—એ રાહ.)

બેની ફટાણા બોલી નવી કુલીઓરે, જે બોલે નફ્ટ નીચનાર;
તેવા ફટાણાથી ફજેતીના ફાલકારે, જેને દેવા ઘટે છે ધીક્કાર,
તેવા ફટાણાથી ફજેતીના ફાલકારે. ૧
બેની નફ્ટ પુરૂષ જેહથી હસેરે, કરે નખરાં જે નર નાદાર;
તેવા ફટાણાથી ફજેતીના ફાલકારે. ૨
બેની પુરૂષના ફંદનો પાસલોરે;
માનું ફટાણાએ ધર્યો અવતાર. તેવા૦ ૩
બેની સતિ સુલક્ષણ, શીયલવતીરે;
તજે પરિચય ધરે નહિ પ્યાર. તેવા૦ ૪

જેના વચનમાં વીકારની વાસનારે.
તેવી નીચ નારીને ફીટકાર. તેવા૦ ૫
એની કુલ વધુને એ નવિ ઘટેરે;
નીચ વચનનો કરવો ઉચ્ચાર. તેવા૦ ૬
સુખમધુર શીયલ ગુણ શોભતોરે.
એવો ઉત્તમ સ્ત્રીનો આચાર. તેવા૦ ૭
એની શીખતે સઘળા એ માનવીરે;
જે છે નીજપરને હીતકાર. તેવા૦ ૮
જૈનશાલા બાળા સરવે મલીરે;
આપો ફટાણાને ફીટ ફીટકાર. તેવા૦ ૯

૮

રઘુપતિરામ રૂદેમાં રહેજોરે.

બ્હેનો એક માનજો વાત મારીરે,
અંતે એ સુખને આપનારી—બ્હેનો૦
પ્રથમ ઉઠી પતિને પાય પડવુંરે;
આપે આજ્ઞા તેતો સદા કરવુંરે.
જેથી થાય છે દુઃખ હળવું—બ્હેનો૦
પછી ગૃહકાર્ય નિત્યે કરવું રે
સાસુ સસરાને પાયે પડવું રે.
લઈ આશિષ આભવ તરવું—બ્હેનો૦
છે સંપ સદા સુખકારીરે;
તેની કહેવતોજુવો વિચારીરે,

માટે સંપી વસો સુખચારી—વ્હેનો૦

કરો ગ્રહણ સદા એવી રીતિરે,
જેથી જળવાય આપણી નીતિરે;
વધે નારી ધર્મપર પ્રીતિ—વ્હેનો૦

જુવો પ્રતિવૃતાના છ ધર્મરે,
તેનો વિચારી સમજોને મર્મરે;
તેવી રીતે વર્તો તમે સર્વ—વ્હેનો૦

જાઓ ધર્મ એ કયાંની છે રીતિરે,
રાખો એક ધર્મપર પ્રીતિરે;
ત્યાગી વ્હેમ સદા તજો ભીતિ—વ્હેનો૦

મેણા ટોણા કટાણાની રીતરે,
કુકર્મની ચણે છે તે ભીતરે;
ચતુર વ્હેનો ચેતો તમે ચીત્ત—વ્હેનો૦

બહુ લાજે થાય નુકશાનરે,
તેનું જુવો પ્રતક્ષ્ય પ્રમાણરે;
જાહેર હીમતનો વાળે ઘાણ—વ્હેનો૦

વ્હેનો સંપી કરોને સુધારોરે,
બુડી જતા દેશને તારોરે;
એજ ધર્મ છે ખરો તમારો—વ્હેનો૦

બાળ શિક્ષણ આપી સુધારોરે,
ઝાડ કુમળુ છે ત્યાં સુધી વાળોરે;
તેનું ભવિષ્ય સારૂં નકી ભાળો—વ્હેનો૦

સારા બાળોથી દેશ વધે છેરે,
તેમાં માતા તો મુખ્ય પદે છેરે;

એમ રૂષી મુનિયો તો વદે છે—બ્હેનો૦

બાળ લગ્નની રીત કઢંગીરે,
હાટ વાળે છે દેશનો જંગીરે;
તેનો નાશ કરો સાથે સંપી—બ્હેનો૦

બાળ લગ્નથી વિધવા વધી છેરે,
આગ ઘર ઘર તેની સળગી છેરે,
તેને હારવી મુખ્ય ફરજ છે—બ્હેનો૦

મુરખ આપે બાળાઓના ભોગરે,
જેથી લક્ષ્મી ગઇ વધ્યા રોગોરે;
દેવી કહે છે સત્વર તેને રોકો—બ્હેનો૦

૩

(સાસરે જતિ પુત્રીને શીક્ષા)

આજરે ચાલી બેની સાસરે,
છોડી સખીયોનો સર્વે સાથજો;
કન્યા શાળારે બેની શુન્ય થઈ;
પૌષધશાળે પડી ખોટજો. આજરે.

સર્વે સાહેલી આનંદમાં,
રહેતી તુંજ સહવાસેજો;
વળતાંરે માતાજી એમ કહે,
સુણ દીકરી તું છે ડાહીજો. આજરે.

પણ જે ફરજ છે માયરી,
કહું સુણ એક ચિત્ત રાખીજો;
કે જેથીરે વિશ્વમાં યશ વધે,
સંસારે સુખ સદા થાયજો. આજરે.

સ્વામીને સુખ સદા આપવું,
ડરવું દુર્ગુણથી હમેશજો;
પતિ તણા વચનો માનવા,
ભલે હોય ભારે શુભ કામજો. આજરે.

કરવી સેવા સદા હેતથી,
તન મનને વાણીથી હમેશજો;
સૌભાગ્ય વિણ શોભા નથી,
નીતિ તણો ધરવો હારજો. આજરે.

શીલ તણું ભૂષણ ધરવું,
સદગુણનો કરવો સતસંગજો;
કામ ક્રોધ મદ લોભ જીતવા,
તે છે અતિ દુઃખ દાયિજો. આજરે.

લાજ મર્યાદા બેની રાખવી,
જેથી વધે કુળની લાજજો;
વિનયથી વાણી શણગારવી,
વ્યથાવાદમાં થાવું વિરામજો. આજરે.

ચાલ ચાલવી નહિ ઉતાવળી,
ચાલવી જેમ ચાલે હંસજો;
સુખ દુઃખે ધૈર્ય ધારવું,
પ્રેમે ધરવું ઈશ્વર ધ્યાનજો. આજરે.

સુજનો જેમ હસે નહિ,
દુર્જન પણ નવિ નિંદેજો;
તેમજ આચરણ રાખવું,
વિશ્વે રહે અમર નામજો. આજરે.

ઉદય થાય જેમ આપણો,
મનમાં ધારવું સદા તેમજો;
સાસુ સસરાને પાયે લાગવું,
કદિ કરવું નહિ અપમાનજો. આજરે.
ઘરમાં સંપીનેરે ચાલવું,
જેથી લક્ષ્મી વધે નિત્યેજો;
વખત કદિ નહિ ગુમાવવો,
કરવો તેનો સદુપીયોગજો. આજરે.
કામ કરતાં રે, વખત જો મળે,
તો વાંચવું સુંદરી સૌન્દર્ય જો;
બુદ્ધિસાગરતણા દાસ જે,
મહુવાકરની છે આ શીખજો. આજરે.

બંધુઓ અને બ્હેનો.

આ લઘુ પુસ્તક સમાપ્ત થયું છે અને તેની અંદર જે જે વિષયો દાખલ કર્યા છે તે આપે મન દઇ વાંચ્યા હશે અને વળી ભલામણ કરૂં છું કે આનો બીજો ભાગ થોડાજ વખતમાં બહાર પડશે તેમાં પણ સરસ ઉપીયોગી વિષયો દાખલ કરવામાં આવશે તદુપરાંત મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજી મહારાજકૃત ગરબા વિશેષ આપીશું માટે તે એક એક નકલ ખરીદી અમારા કાર્યને ઉત્તેજન આપશો.

સમાપ્ત.

જૈનમત દર્પણ.

આ પુસ્તકની અંદર જૈનધર્મની પ્રાચીનતા તેમજ બૌદ્ધથી ભિન્નતા અને જૈનમતનું મતવ્ય વિગેરે ઉત્તમ લેખો લખવામાં આવ્યા છે આ પુસ્તકને જૈન ઇતિહાસ કહિએ તો પણ ચાલે માટે દરેક જૈન ધર્માવલંબી ભાઈઓ એક એક નકલ અવશ્ય ખરીદશે. થોડા વખતમાં એટલે લગભગ પંદર દિવસમાં બહાર પડશે અગાઉથી ગ્રાહક થનારે પોષ્ટ સહિત ચાર આના ભરવા પડશે.

મળવાનું ઠેકાણું.

મહુવાબંદર. કાઠિયાવાડ. — કર્તા ચત્રભુજ વિ. તારાચંદ મહુવાકર.
તથા
તલકચંદ રતનજી દોશી.

થોડા વખતમાં બહાર પડશે.

વિદ્યાવિજય નાટક

આ નામનું નાટક ઘણુંજ રસીક અને બોધ દાયક છે તેમજ તેની અંદર પ્રેમનું આબેહુબ વર્ણન વિગેરે ઘણુંજ હાસ્ય રસથી ભરપુર છે માટે પ્રેમના અભિલાષી બંધુઓ તથા શોખીનો આ તક નહિ ભૂલતાં જરૂર એક એક નકલ ખરીદશે પુસ્તકના પ્રણાણમાં કીમત બહુજ થોડી છે માટે વહેલો તે પહેલો કીતમ ચાર આના.

મળવાનું ઠેકાણું.

કર્તા ચત્રભુજ વિ. તારાચંદ મહુવાકર.
મહુવાબંદર (કાઠિયાવાડ)

જાહેર ખબર.

ભારતિભુષણરૂપ બ્હેનોને માટે.

સુંદરી સૌન્દર્ય.

ભાગ ૨ જો.

વ્હાલી બ્હેનો અને બન્ધુઓ !

આ પુસ્તકની અંદર ગૃહિણી ધર્મ, નિતિની શીખામણ વિગેરે વિગેરે ઉત્તમ લેખો ઉપરાંત મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજી કૃત નિતિના તેમજ સદ્બોધક ગરબા મુકવામાં આવ્યા છે. લગભગ એક માસ પછી બહાર પડશે. અગાઉથી ગ્રાહક થનારને આઠ આના ભરવા પડશે. પાછળથી બાર આના. માટે વહેલો તે પહેલો.

પુસ્તક મળવાનું ઠેકાણું.

અમદાવાદ—સત્યવિજય પત્રની ઓફીસ-પાંચકુવા નવા દરવાજા.

મહુવા બંદર-કાઠિઆવાડ—કર્તા પાસેથી તથા **તલકચંદ રતનજી** [illegible]માં.